

P.07

ભાગ્યશ્રીએ પાપારાઝીઓને પંજાબમાં આવેલી આફત પર ધ્યાન કેન્દ્રિત કરવા વાત કહી

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07

શિલ્પા શેટ્ટીએ મહિલા પોલીસ સાથે સેલ્ફી લેવાનો ઇન્કાર કર્યો



www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૩૫ । વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો સુદ ૧૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 35 • Dt.06-09-2025 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


યુક્રેનમાં નિર્દોષોના મોત અસ્વીકાર્ય છે, સંઘર્ષનો અંત દરેકના હિતમાં છે : ભારત

07




06
SEPTEMBER- 2025
SATURDAY





07

પાકિસ્તાનમાં મુનીરની સરમુખત્યારશાહી ચાલે છે : પાક સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ

મહામેળો શ્રદ્ધાળુઓના ઉત્સાહથી ભરપૂર

## બનાસકાંઠા જિલ્લામાં આવેલું અંબાજી શક્તિપીઠ શક્તિ, ભક્તિ અને આસ્થાનું પવિત્ર કેન્દ્ર

# અંબાજી મહામેળામાં સૌ પ્રથમવાર ૪૦૦ ડ્રોન દ્વારા ભવ્ય લાઈટ શો યોજાયો

### દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧થી ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાયો । મેળામાં લાખોની સંખ્યામાં માઇભક્તો માતા અંબાના દર્શન માટે ઉમટી પડે છે અને ધન્યતા અનુભવે છે

। પ્રતિનિધિ, અંબાજી, તા.૫ ।

બનાસકાંઠા જિલ્લામાં આવેલું અંબાજી શક્તિપીઠ શક્તિ, ભક્તિ અને આસ્થાનું પવિત્ર કેન્દ્ર છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧થી ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાયો છે. આ મેળામાં લાખોની સંખ્યામાં માઇભક્તો માતા અંબાના દર્શન માટે ઉમટી પડે છે અને ધન્યતા અનુભવે છે. આ વર્ષે પણ મહામેળો શ્રદ્ધાળુઓના ઉત્સાહથી ભરપૂર રહ્યો છે, જે અંબાજીની આધ્યાત્મિક ઊર્જાને ઉજાગર કરે છે.આ વર્ષે અંબાજી ભાદરવી પૂનમ મહામેળામાં એક અનોખું આકર્ષણ ઉમેરાયું છે, જે છે ૪૦૦ ડ્રોનથી યોજાયેલો ભવ્ય લાઈટ શો. બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ આ શો ૩ અને ૪ સપ્ટેમ્બરની રાત્રે ૮:૩૦ વાગ્યે યોજાયો, જે હવામાન પર આધારિત હતો. આ શોમાં ૪૦૦ ડ્રોન રંગબેરંગી લાઈટો સાથે આકાશમાં ઉડ્યા અને અંબાજી માતાના મંદિરની છબિ, 'જય માતાજી'ના લખાણ, ત્રિશૂળ અને શક્તિના પ્રતીકો જેવી આકૃતિઓ રચી. આ દૃશ્યોએ શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કરી દીધા અને અંબાજીની સંસ્કૃતિ, અધ્યાત્મ અને આધુનિક ટેકનોલોજીના સમન્વયનું અનોખું પ્રદર્શન કર્યું.અંબાજી મહામેળો લાખો શ્રદ્ધાળુઓની ભીડને સંભાળવા માટે વહીવટી તંત્રે વ્યાપક તૈયારીઓ કરી છે. ૨૯ સમિતિઓની રચના કરીને પીવાનું પાણી, વીજળી, પાર્કિંગ, પ્રસાદ વિતરણ અને સુરક્ષા જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવી છે.



આ ઉપરાંત, 'ઈ-મંદિર' વોટ્સએપ ચેટબૉટ દ્વારા આરતીના સમય, પ્રસાદ કેન્દ્રો, પાર્કિંગ અને અન્ય માહિતી તાત્કાલિક મળી રહે છે. ગબ્બર, દાંતા, પાલનપુર, અમદાવાદ, વડોદરા અને સુરત જેવા માર્ગો પર બસોની વ્યવસ્થા પણ કરાઈ છે, જેથી શ્રદ્ધાળુઓને મુસાફરીમાં સરળતા રહે. આ વ્યવસ્થાઓથી શ્રદ્ધાળુઓને સીમલેસ અનુભવ મળે છે.અંબાજી મહામેળામાં પ્રથમવાર યોજાયેલો ડ્રોન લાઈટ શો ભક્તિ અને ટેકનોલોજીના સંગમનું ઉદાહરણ બન્યો છે. આ શોમાં ડ્રોનોએ આકાશમાં અંબાજી માતાના પવિત્ર પ્રતીકો અને સંસ્કૃતિનું ભવ્ય દર્શન કરાવ્યું, જેનાથી શ્રદ્ધાળુઓ અને દર્શકો આશ્ચર્યચકિત થયા.

હર્ષિત જૈન માધુપુરા ક્રિકેટ સટ્ટકાંડનો મુખ્ય સૂત્રધાર છે

# ૨૨૦૦ કરોડના ક્રિકેટ સટ્ટામાં દુબઈથી ઝડપાયો મુખ્ય ખેલાડી । નિર્લિપ્ત રાયની ટીમે ઓપરેશન પાર પાડ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે મોટું ઓપરરેશન પાર પાડ્યું છે. ગુજરાતના ઈતિહાસના સૌથી મોટા ક્રિકેટ સટ્ટાનો મુખ્ય સુત્રધાર ઝડપાયો છે. સૌથી મોટા ક્રિકેટ સટ્ટાનો મુખ્ય ખેલાડી હર્ષિત જૈન દુબઈથી ઝડપાયો છે.એસપી નિર્લિપ્ત રાયની ટીમે હર્ષિત જૈનને દુબઈથી દબોચી લીધો. હર્ષિત જૈન માધુપુરા ક્રિકેટ સટ્ટકાંડનો મુખ્ય સૂત્રધાર છે ૨૨૦૦ કરોડથી વધુના આ સટ્ટાકાંડમાં પોલીસે તેની ધરપકડ કરી . મહત્વનું છે કે હર્ષિત જૈન સામે લુકઆઉટ સર્ક્યુલર અને રેડ કોર્નર નોટિસ પણ જારી કરાઇ હતી.હર્ષિત જૈન ૧ કરતા વધારે વર્ષથી ફરાર હતો અને પોલીસે હર્ષિત જૈન સામે લુકઆઉટ સક્યુલર રેડ કોર્નર નોટિસ પણ કાઢી હતી, જો કે અત્યાર સુધી તે પોલીસ પકડથી દુર રહેવામાં સફળ રહ્યો હતો.

પરંતુ આજે દુબઈ પોલીસની મદદથી ગુજરાતની સ્ટેટ મોનિટરીંગ સેલે આ ઓપરેશન પાર પાડયું૨૮ માર્ચ ૨૦૨૩ના રોજ અમદાવાદના માધુપુરામાં અમદાવાદ પીસીબીની ટીમે દરોડા પાડીને સટ્ટાકાંડ ઝડપી પાડયો હતો બેંકના એકાઉન્ટમાં ટ્રાન્ઝેકશન કરવામાં આવતું હતુ અને તે રૂપિયાનો ઉપયોગ ક્રિકેટના સટ્ટામાં થઈ રહ્યો હતો તેવી માહિતી પોલીસને હતી અને પોલીસે તપાસ કરી હતી તો લેપટોપ અને ચેકબુક પણ મળી આવી હતી.પોલીસની તપાસમાં સામે આવ્યું હતુ કે, એક મોબાઈલમાં એપ્લિકેશન હતી અને તે એપ્લિકેશન ડાઉનલોડ કરીને બુકીઓ સટ્ટો રમાડતા હતા, અલગ-અલગ લોકોને એજન્ટ બનાવી આઈડી ઉભા કરવામાં આવતા હતા અને તે એજન્ટોના મારફતે લોકો સટ્ટો રમતા હતા.







### ગોધરામાં નવો બનેલો પુલ વરસાદમાં ધોવાઈ ગયો, ભ્રષ્ટાચારનો પર્દાફાશ, લોકોનો રોષ

। પ્રતિનિધિ, ગોધરા, તા.૫ ।

રાજ્યમાં વરસાદ શરૂ થતાં જ રસ્તાઓ અને પુલોના નિર્માણમાં ભ્રષ્ટાચાર પ્રકાશમાં આવવા લાગ્યો છે. પંચમહાલ જિલ્લાના ગોધરામાં આવેલા ભૂરાવ રેલ્વે ઓવરબ્રિજની દયનીય હાલતે આ મુદ્દો વધુ ગંભીર બનાવ્યો છે. તાજેતરમાં કરોડો રૂપિયાના ખર્ચે નવીનીકરણ કરાયેલ આ પુલ વરસાદમાં ધોવાઈ ગયો છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. આ ઘટનાએ બાંધકામની ગુણવત્તા અને જવાબદારીના અભાવ પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.ભૂરાવ રેલ્વે ઓવરબ્રિજ ગોધરા શહેરના રહેવાસીઓ માટે પરિવહનનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે, જેનો ઉપયોગ કરીને હજારો લોકો દરરોજ મુસાફરી કરે છે.

### નવસારીમાં બે બાળકી સાથે પરિણીતાના આપઘાત કેસમાં પતિની ધરપકડ

। પ્રતિનિધિ, નવસારી, તા.૫ ।

જમાલપોર વિસ્તારમાં સિલ્વર સ્ટોન બંગ્લોઝમાં રહેતી ૨૮ વર્ષીય ખેવના નાયકે તેની બે પુત્રીઓ સાથે પૂર્ણા નદીમાં કૂદીને આપઘાત કર્યો હતો. આ ઘટનામાં પતિ હાર્દિક નાયક સામે આપઘાતની દુષ્પ્રેરણા અને દહેજ ધારા હેઠળ ગુનો નોંધાયો છે.ગત ૩૦મી ઓગસ્ટની સાંજે ૫:૩૦ વાગ્યે ખેવના તેની ૪ વર્ષીય પુત્રી દીયા અને અઢી વર્ષની પુત્રી દ્રીજા સાથે ઘરેથી નીકળી હતી. ૧લી ઓગસ્ટે વિરાવળ અને સંતોષી માતાના મંદિર પાછળથી બંને બાળકીઓની લાશ મળી આવી હતી. બીજી ઓગસ્ટે કરાડી ગામથી ખેવનાની લાશ પણ મળી આવી હતી.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧લી ઓગસ્ટે વિરાવળ અને સંતોષી માતાના મંદિર પાસે બાળકીઓના મૃતદેહ મળી આવ્યા હતા, જ્યારે ખેવનાનું મૃતદેહ ૨ ઓગસ્ટના રોજ કરાડી ગામની નજીકથી મળી આવ્યો હતો. બીજી તરફ અનાવિલ સમાજમાં આરોપીનો બહિષ્કાર કરવાની ચર્ચા પણ તેજ બની છે.

#### ઘટનાએ મહેસાણામાં સનસનાટી મચાવી

## લાઘણજમાં બનાવટી લૂંટનો પર્દાફાશ, ૫૨ લાખની રોકડ સાથે દલાલ પકડાયો

### બે શખ્સોની ધરપકડ બાદ આ નેટવર્કના દોર ક્યાં સુધી પહોંચે છે તે જોવાનું રહેશે

। પ્રતિનિધિ, મહેસાણા,તા.૫ ।

મહેસાણાના લાઘણજ ગામમાં રૂ. ૬.૫૦ લાખની લૂંટની ઘટના તરકટ હોવાનું સામે આવ્યું છે, જેમાં ખુદ ફરિયાદીએ બનાવટી લૂંટનું નાટક રચી હરિયાણાના બે શખ્સોને ફસાવવાનો પ્રયાસ કર્યો હતો. લાઘણજ પોલીસે ફરિયાદીના ઘરેથી રૂ. ૫૨ લાખ રોકડ જપ્ત કરી છે અને આ મામલે કબૂતરબાજીના મોટા નેટવર્કની શક્યતા તપાસી રહી છે. આ ઘટનાએ મહેસાણામાં સનસનાટી મચાવી છે, અને હરિયાણાના ફરાર બે શખ્સોની ધરપકડ બાદ આ નેટવર્કના દોર ક્યાં સુધી પહોંચે છે તે જોવાનું રહેશે.લાઘણજ ગામના એક દલાલે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, તે કલોલના એક એજન્ટ સાથે વિઝાની કામગીરી માટે આવેલા હરિયાણાના બે અજાણ્યા શખ્સો સાથે બેઠેલો હતો, ત્યારે આ શખ્સોએ રિવોલ્વર બતાવીને રૂ. ૬.૫૦ લાખની લૂંટ આચરી હતી. ફરિયાદીએ દાવો કર્યો હતો કે આ શખ્સોએ તેના ઘરનો કાચ તોડીને લૂંટ આચરી અને ફરાર થઈ ગયા હતા.જોકે, લાઘણજ પોલીસે ફરિયાદની ઝીણવટભરી તપાસ શરૂ કરી જેમાં સીસીટીવી ફૂટેજ, પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો, અને ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસને ફરિયાદીની




વાતમાં વિસંગતતાઓ જણાઈ અને તેના ઘરની તલાશી લેતાં રૂ. ૫૨ લાખની રોકડ મળી આવી હતી. આ રોકડે ફરિયાદીના દાવાને શંકાસ્પદ બનાવ્યો અને પોલીસે જણાવ્યું કે ફરિયાદીએ હરિયાણાના બે શખ્સોને ફસાવવા માટે આ લૂંટનું નાટક રચ્યું હતું.પોલીસની તપાસમાં આ ઘટના કબૂતરબાજીના મોટા નેટવર્ક સાથે જોડાયેલી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફરિયાદી એક દલાલ તરીકે કામ કરે છે, જે વિઝાની કામગીરી અને ગેરકાયદેસર નાણાંની લેવડદેવડમાં સંડોવાયેલો હોઈ શકે છે. હરિયાણાના બે શખ્સો, જે હજુ ફરાર છે, તેઓ આ નેટવર્કનો ભાગ હોવાની શક્યતા છે. પોલીસે આ શખ્સોની શોધખોળ માટે ખાસ ટીમો રચી છે અને ટેકનિકલ સર્વેલન્સ દ્વારા તેમનું સ્થાન શોધવાનો પ્રયાસ કરી રહી છે.આ ઘટનાએ મહેસાણા જિલ્લામાં ગેરકાયદેસર નાણાંની લેવડદેવડ અને કબૂતરબાજીના નેટવર્કની શક્યતા ઉજાગર કરી છે.

### મહીસાગરના લુણાવાડા નજીક દોલતપુરા ગામે હાઇડ્રો પાવર પ્લાન્ટમાં ૫ યુવકો ડૂબ્યા

। પ્રતિનિધિ, મહીસાગર, તા.૫ ।

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના દોલતપુરા ગામે આવેલા અજંતા પ્રાઈવેટ લિમિટેડ હાઈડ્રો પાવર પ્લાન્ટમાં એક દુઃખદ ઘટના સામે આવી છે. આ પ્લાન્ટમાં પાંચ યુવકો ડૂબી જવાની ઘટના બની હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાને ૧૭ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં, યુવકોનો કોઈ પત્તો લાગ્યો નથી.ઘટનાની જાણ થતાં જ જિલ્લા તંત્ર અને ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.ગાંધીનગરથીદ્ગઢઈહ્મની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી છે અને યુવકોની શોધખોળમાં જોડાઈ છે. અધિકારીઓ અને રેસ્ક્યુ ટીમ અલગ-અલગ અદ્યતન ઉપકરણોની મદદથી યુવકોને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે.હાઈડ્રો પાવર પ્લાન્ટમાં ભરાયેલા પાણીને ખાલી કરવા માટે પંપોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.આ પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે જેથી યુવકોની શોધખોળમાં સરળતા રહે. જોકે, પાણીનું પ્રમાણ વધુ હોવાને કારણે આ કામગીરીમાં સમય લાગી રહ્યો છે. મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના દોલતપુરા ગામે આવેલા અજંતા પ્રાઈવેટ લિમિટેડ હાઈડ્રો પાવર પ્લાન્ટમાં એક દુઃખદ ઘટના સામે આવી છે. આ પ્લાન્ટમાં પાંચ યુવકો ડૂબી જવાની ઘટના બની હોવાનું સામે આવ્યું છે.

#### વડોદરા જિલ્લામાં ફરી એકવાર વરસાદે હાહાકાર સર્જાયો

## વડોદરાના ડભોઇ તાલુકાનું અમરેશ્વર ગામ ઢાઢર નદીના પાણીથી ઘેરાયું । ગામો થયા સંપર્કવિહોણા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૫ ।

વડોદરા જિલ્લામાં ફરી એકવાર વરસાદે હાહાકાર સર્જાયો છે. ડભોઈ તાલુકાના અમરેશ્વર ગામમાં ઢાઢર નદીનું પાણી ફરી વળતાં આખું ગામ પાણીમાં ગરકાવ થઈ ગયું છે. ૫ રિણામે અમરેશ્વર અને આસપાસના ગામો સંપર્કવિહોણા બની ગયા છે. આ પરિસ્થિતિએ સ્થાનિક નાગરિકોમાં ભય સાથે ભારે મુશ્કેલીઓ ઊભી કરી છે.તાજેતરના વરસાદ બાદ ઢાઢર નદીમાં ભારે પાણીની આવક થઈ છે. આ સીઝનમાં ત્રીજી વાર નદીએ પોતાના કિનારા તોડતા ગામોમાં પાણી ઘૂસી ગયું છે. ખાસ કરીને અમરેશ્વરના નવીનગરી વિસ્તારમાં ૩૦ જેટલા ઘરોમાં પાણી ઘૂસી ગયું છે, જેના કારણે લોકો ઘરના સામાન



સાથે સુરક્ષિત સ્થળોએ ખસી રહ્યા છે.

અમરેશ્વર ગામને જોડતા મુખ્ય માર્ગો પણ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. લુણાદરા, કબીરપુરા જેવા વિસ્તારોમાં પાણી છવાઈ જતાં લોકોનો સંપર્ક તૂટી ગયો છે. એટલું જ નહીં, બંબોજ, વિરપુરા અને નારણપુરાના મુખ્ય માર્ગો પણ ૫ ાણીમાં ગરકાવ થતાં પરિવહન વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. આ જ રીતે, મગનપુરા અને ડંગીવાડા જેવા ગામોના માર્ગો પર પણ પાણી વળતાં લોકો ગામમાં ફસાઈ ગયા છે.

પાણી ઘરોમાં ઘૂસી જતાં લોકો પોતાનો સામાન બચાવવા હેરાન પરેશાન થઈ રહ્યા છે. કેટલાક પરિવારોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. શાળા, આંગણવાડી અને દુકાનો બંધ રાખવામાં આવી છે. સ્થાનિક ખેડૂતો માટે પરિસ્થિતિ વધુ મુશ્કેલ બની છે, કારણ કે ખેતરોમાં ઉભી પાક પાણીમાં ગરકાવ થતાં નુકસાનની શક્યતા છે.ઢાઢર નદીના વધતા પાણીથી સર્જાયેલી પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર સતર્ક બન્યું છે. ડભોઈ તાલુકા તંત્રે એનડીઆરએફ ટીમોને એલર્ટ પર રાખી છે અને ગામમાં સતત મોનીટરીંગ શરૂ કર્યું છે. તાલુકા મામલતદારે જણાવ્યું હતું કે નાગરિકોને સાવચેત રહેવા અને અનાવશ્યક બહાર ન નીકળવા સૂચના આપવામાં આવી છે. જો સ્થિતિ વધુ ગંભીર બનશે તો લોકોને સ્થળાંતર કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

### પોલીસના શારીરિક અત્યાચારથી ત્રાસીને યુવકે આત્મહત્યા કરી,બે પોલીસકર્મીઓ સામે ગુનો નોંધાયો

। પ્રતિનિધિ, દ્વારકા, તા.૫ ।

થોડા દિવસો પહેલાં વાડીનાર પોલીસ મથકના બે પોલીસકર્મીઓ પ્રદીપસિંહ ગોહિલ અને કરશનભાઈએ શારીરિક અત્યાચાર ગુજાર્યો હોવાનો વીડિયો વાયરલ કરી ખંભાળિયા તાલુકાના ભરાણા ગામના ૨૧ વર્ષીય એક યુવાને ઝેરી દવા પી ગટગટાવી હતી. જે બાદ ૧૦ દિવસની લાંબી સારવાર બાદ અંતે હોસ્પિટલમાં આ યુવકનું મોત નીપજતા આ ઘટનાને લઈને સ્થાનિક જાડેજા સમાજમાં ભારે આક્રોશ ફેલાવ્યો છે, અને લગભગ ૫૦૦ લોકોએ વાડીનાર પોલીસ મથકનો ઘેરાવ કર્યો હતો. ત્યારે મામલે ગંભીરતા જે જોઈ પોલીસે આ બંને પોલીસકર્મી વિરુદ્ધ ગુનો નોંધ્યો છે અને તપાસ હાથ ધરી છે.ઘટનાની વિગતવાર વાત કરીએ તો, ગત ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ આ યુવક અને તેના મિત્ર મોટરસાઈકલ પર જઈ રહ્યા હતા, ત્યારે વાડીનાર પોલીસે તેમને દારૂના નશામાં વાહન ચલાવવાના આરોપ હેઠળ અટકાવ્યા હતા અને પોલીસે બંને યુવાનોને ચેકપોસ્ટ પાસે જાહેરમાં ઢોર માર માર્યો હતો. બાદમાં વાડીનાર હાર્બર પોલીસ ચોકીએ લઈ જઈને વધુ મારપિટ કરી હતી. આ ઘટનાથી આઘાતમાં આવીને આ યવકે તા. ૧૮ ઓગસ્ટના રોજ ઝેરી દવા પીધી હતી.

### જુનાગઢમાં પરિણીતા સાથે ઇન્સ્ટામાં દોસ્તી કરી આખું વર્ષ હવસ સંતોષી

। પ્રતિનિધિ, જુનાગઢ, તા.૫ ।

દિવસેને દિવસે સોશિયલ મીડિયાનું દૂષણ વધતું જાય છે. ત્યારે અમુક આવારા તત્ત્વો આ દૂષણની આડમાં ભોળી સગીર વયની છોકરીઓ તથા યુવતીઓ સાથે મીઠી મીઠી વાતો કરીને પહેલા દોસ્તી અને બાદમાં પ્રેમજાળમાં ફસાવે છે. જે બાદ લગ્નની લાલચ આપીને તેની સાથે કુકર્મ કરે છે. આવો જ એક કિસ્સો હાલ જુનાગઢ જિલ્લામાંથી સામે આવ્યો છે કે, જ્યાં એક નરાધમે શહેરની એક યુવતી સાથે સોશિયલ મીડિયા પર મિત્રતા કર્યા બાદ લગ્નની લાલચે દુષ્કર્મ આચરીને પૈસા પડાવ્યા હતા.

જોકે સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચતા પોલીસે આ નરાધમને પકડી પાડ્યો છે અને તપાસ શરૂ કરી છે.ઘટનાની પ્રાપ્ત વિગતો મુજબ, જુનાગઢના ઉપલેટાની એક ૨૫ વર્ષીય યુવતીના લગ્ન જામનગરમાં થયા હતા, પરંતુ પતિ સાથે મનમેળ ન થતા લગ્નના ૧૫ દિવસ બાદ તે ઉપલેટામાં પોતાના પિયર આવી ગઈ હતી અને તેના પતિ સામે ઉપલેટા કોર્ટમાં ડોમેસ્ટિક વાયોલન્સનો ગુનો દાખલ કરાવ્યો હતો. આ સમયે તે રાજકોટની એક હોસ્ટેલમાં રહેતી હતી, તે દરમિયાન જુનાગઢના વસીમ સાદિક નાગોરી નામના શખ્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ મારફતે યુવતીનો સંપર્ક કરીને વાતચીત શરૂ કરી હતી.




ગાંધીનગર વન વિભાગ દ્વારા મહાનગરપાલિકા કક્ષાનાં 'એક પેડ મા કે નામ ૨.૦' અંતર્ગત વન મહોત્સવની ઉજવણી

# ગાંધીનગરમાં મંત્રી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં ૭૬મા વન મહોત્સવની ઉજવણી કરાઈ

**વધુમાં તેમણે ઉમેર્યું હતું કે,૧૯૫૦ માં આપણા ભારતના તત્કાલીન કૃષિ મંત્રી કનૈયાલાલ મુનશીએ આ વન મહોત્સવની શરૂઆત કરી હતી**





। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૫ ।

ગાંધીનગર વન વિભાગ દ્વારા મહાનગરપાલિકા કક્ષાનાં 'એક પેડ મા કે નામ ૨.૦' અંતર્ગત વન મહોત્સવની ઉજવણી પ્રસંગે,સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતુ કે, વિશ્વની સૌથી શ્રેષ્ઠ સંસ્કૃતિ આપણી ભારતીય સંસ્કૃતિ છે, ત્યારે આપણી સંસ્કૃતિમાં આપણા ઉત્સવોને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે અને એટલે જ આપણો ભારત દેશ વિવિધતામાં એકતા ધરાવે છે. સાથે જ આપણી સંસ્કૃતિમાં વૃક્ષોની સંભાળ, તેનુ જતનને પણ સંસ્કૃતિ સાથે જોડવામાં આવ્યા છે, સંસ્કૃતિ પ્રમાણે દરેકના આંગણે તુલસી હોવાનું જણાવતા મંત્રીએ તેના ગુણધર્મોની પણ વાત કરી હતી.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે,૧૯૫૦ માં આપણા ભારતના તત્કાલીન કૃષિ મંત્રી કનૈયાલાલ મુનશીએ આ વન મહોત્સવની શરૂઆત કરી હતી, એ પછી સરકારની નેમ રહી છે કે, કોઈપણ સરકારી ઉત્સવો ફક્ત એક કચેરી કે એક જગ્યા પૂરતા ઉત્સવ ન બનતા લોકોત્સવ બને, અને આ શુભ આશયની શરૂઆત આ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી. આપણી સંસ્કૃતિમાં દરેક છોડ પાછળ,ઝાડ પાછળ કંઈક મહત્વ રહેલું દર્શાવાયું છે, આજે આપણે સોશિયલ મીડિયાના માધ્યમથી લીમડો, સરગવો, એલોવેરા, તુલસી વગેરેના ઉપયોગો જાણીએ છીએ. આ બધું જ આપણને રોજીંદા જીવનમાં ક્યાંક ને ક્યાંક ખૂબ ઉપયોગી બનતું હોય છે. જે આપણને વૃક્ષોની મહત્વતા સમજાવે છે.

આપણી સંસ્કૃતિમાં ભગવાન શ્રીકૃષ્ણએ પણ કહ્યું છે કે, હું છોડમાં રણછોડ સ્વરૂપે છું, ત્યારે તેમના પ્રિય વૃક્ષ પીપળાની વાત કરવામાં આવે તો તેમાં સૌથી વધારે ઓક્સિજન રહેલું હોય છે . આ સાથે જ મંત્રીએ ગાંધીનગર જિલ્લામાંથી પ્રથમ સાંસ્કૃતિક વન પુનિત વનની પણ વાત કરતા તેના રાશીવનનો ઉલ્લેખ કર્યો હતો, ઉપરાંત કોરોના કાળમાં ઓક્સિજનની કમી થતા ઘણા લોકોએ જીવ ગુમાવ્યા હતા તેવા કપરા કાળમાં નવા નવા ઓક્સિજનના પ્લાન્ટ પર સ્થાપવાની જરૂરિયાત ઊભી થઈ હતી.

જેનો ઉલ્લેખ કરતા આવી પરિસ્થિતિમાં, વૃક્ષો જ આપણો બચાવ કરી શકે તે સૌએ સ્વીકાર્યું હોવાની વાત સાથે વધુમાં વધુ વૃક્ષો વાવવા માટે ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો.

આ સાથે જ તેમણે ગર્વ ભેર જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં માર્ગદર્શન થકી ગત વર્ષે સમગ્ર રાજ્યની આંગણવાડીમાં ત્રણ લાખ બત્રીસ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર એક જ દિવસમાં એક જ સમયે કર્યું હતું. આ સાથે જ, તેમણે વૃક્ષારોપણ કાર્યક્રમને જવાબદારીના ભાગરૂપે સૌ સાથે મળીને કરે તો સૌથી શ્રેષ્ઠ કામગીરી થઈ શકે એવા વિશ્વાસ સાથે નગરજનોને 'એક પેડ મા કે નામ ૨.' માં જોડાવા અનુરોધ કર્યો હતો.

રાજ્ય સરકાર હરકતમાં આવી ગઈ

## જૂનાગઢની હોસ્ટેલમાં વિદ્યાર્થીને માર માર્યાની ઘટનામાં શિક્ષણમંત્રી એક્શનમાં : રિપોર્ટ મંગાવ્યો

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૫ ।

જૂનાગઢના એક હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ વચ્ચે મારપીટના વીડિયો સામે આવ્યા બાદ આ હોસ્ટેલ વિવાદમાં આવી ગઈ છે. હોસ્ટેલમાં એક વિદ્યાર્થી સાથે અન્ય વિદ્યાર્થીઓએ મારપીટ કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. આ મામલો સામે આવતા જ રાજ્ય સરકાર હરકતમાં આવી ગઈ છે અને શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે આ મુદ્દે પ્રતિક્રિયા આપી છે.મળતી માહિતી મુજબ, જુનાગઢની આ હોસ્ટેલમાં બનેલી મારપીટની ઘટના અંગે શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે આવી ઘટનાઓ કોઈ પણ રીતે સહન કરવામાં નહીં આવે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતે સૂચના આપી છે કે આવું સાંખી લેવામાં અહીં આવે. તેમણે જણાવ્યું કે અમારા ધ્યાનમાં વિગતો આવ્યા બાદ તપાસ શરૂ કરવામાં આવી. સમગ્ર ઘટનાને લઈને જિલ્લા શિક્ષણાધિકારી પાસે રિપોર્ટ માંગવામાં આવ્યો છે. આખા ગુજરાતમાં આવી ઘટના બને તો કાયદા મુજબ જ કામ કરાશે.શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે કહ્યું, "ગુજરાતમાં આવી કોઈ પણ ઘણા બનશે, એના માટે આપણા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સ્પષ્ટ નિર્દેશ છે કે આવું સાંખી લેવામાં અહીં આવે. આવી જે ઘટનાઓ બને છે આપણા જ્ઞાનના મંદિરોમાં જ્યાં સમાજ, રાષ્ટ્ર, પરિવાર અને વ્યક્તિનું નિર્માણ થતું હોય એવી સંસ્થાઓમાં આવી ઘટનાઓ બનતી હોય તેને સાંખી લેવાની નથી.

## અવિરત વરસાદથી છોટાઉદેપુર જળબંબાકાર, નસવાડી તાલુકાના તો ૬ ગામડા સંપર્ક વિહોણા

। પ્રતિનિધિ, છોટા ઉદેપુર, તા.૫ ।

છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં મેઘ મહેર થવા પામી છે. મોડાસર ચોકડી ઉપર વરસાદના કારણે પાણી ભરાયા હતા. છોટા ઉદેપુર નસવાડી સહિતને જોડતા મુખ્ય માર્ગ પર પાણી ભરાયા હતા. ઘુંટણ સમા પાણી ભરાતા વાહન ચાલકો હેરાન પરેશાન થયા હતા. વારંવાર પાણીની સમસ્યા છતાં તંત્ર દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું નથી.છોટા ઉદેપુરના બોડેલીમા ધોધમાર વરસાદ વરસ્યો છે. અલીપુરા, ઢોકલીયા સહિત વિસ્તારોમાં મેઘો મહેરબાન થયો છે. રોડ, રસ્તા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. સાધના નગરની સોસાયટીમાં મકાનોમાં ઘુંટણ સમા પાણી ભરાયા હતા. વરસાદી પાણી ઘરમાં ભરાતા લોકોને મુશ્કેલી પડી રહી છે. વર્ધમાન નગર અને દિવાન ફળિયા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.છોટા ઉદેપુરમાં અવિરત વરસાદના પગલે અશ્વિન નદી બે કાંઠે વહેલી થઈ હતી. નસવાડી તાલુકાના ૬ જેટલા ગામ સંપર્ક વિહોણા થયા હતા. નસવાડીમાં સતત ૬ દિવસથી વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદને પગલે નસવાડીના ૩ તળાવો છલોછલ ભરાયેલા છે.

## ભાવનગરમાં પીએસઆઇ મહિલાએ એનએસયુઆઇ સામે ફરિયાદ નોંધાવી

। પ્રતિનિધિ, ભાવનગર , તા.૫ ।

શહેરમાં ૪ તારીખના સાંજના સમયે એનએસયુઆઇ અને એબીવીપી દ્વારા વાઘાવાડી રોડ ઉપર યુનિવર્સિટીના દરવાજા પાસે અલગ મુદ્દાઓને પગલે વિરોધ કાર્યક્રમ હતો. આ દરમિયાન ટ્રાફિક જામની સમસ્યાને લઈને પોલીસે એનએસયુઆઇ નેતાઓની ધરપકડ કરી હતી. જો કે મોડી રાત થતા જ મહિલા પીએસઆઇ ત્રણ એનએસયુઆઇ વિદ્યાર્થી નેતા સામે ફરિયાદ નોંધાવી છે.ભાવનગર શહેરમાં વાઘાવાડી રોડ ઉપર યુનિવર્સિટીના દરવાજા પાસે ગઈકાલે એનએસયુઆઇ દ્વારા યુનિવર્સિટીના સત્તાધીશો સામે વિરોધ સ્વરૂપે કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. આ દરમિયાન એબીવીપી દ્વારા પણ શાળાઓમાં થતી હિંસાને પગલે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ એ જ સ્થળ ઉપર રાખવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા એનએસયુઆઇના કાર્યકરોની અટકાયત કરાઈ હતી. મોડી રાત્રે નીલમબાગ પોલીસ સ્ટેશનના પીએસઆઇ મહિલાએ એનએસયુઆઇના ૩ વિદ્યાર્થી સામે ફરિયાદ દાખલ કરી છે. જેથી મોડી રાત સુધી શહેર પ્રમુખ નીલમબાગ પોલીસ સ્ટેશનમાં હાજર રહ્યા હતા.ભાવનગર નીલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદી પીએસઆઇ નિકિતાબેન દિનેશભાઈ ડાભી એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, વાઘાવાડી રોડ ઉપર એનએસયુઆઇના વિદ્યાર્થી આગેવાનો ૧૦ થી ૧૫ની સંખ્યામાં યુનિવર્સિટીના ગેટ પાસે રોડ ઉપર વાહનો ઉભા રાખતા હતા, અને આવતા જતા ચાલકોની સામે બોલાચાલી કરતા હતા. આમ તેઓ વિનસ શો રૂમ પાસે આવતા કાયદો વ્યવસ્થા માટે સમજાવતા તેઓ રોડ ઉપર બેસીને ટ્રાફિક વ્યવસ્થા ખોરવવા માંડ્યા હતા. આથી રાહદારી અને વાહન ચાલકોને સદંતર બંધ કરી દેતા ટ્રાફિક જામની સમસ્યા સર્જાય નહીં અને ઝઘડો કે માથાકૂટ થાય નહીં એ માટે ડીટેઈન કરાયા હતા.







## તંત્રી લેખ...

# માતૃત્વ પ્રત્યે લોકાચાર

સમાજમાં મહિલાઓને આપવામાં આવતા સન્માનને લઈને નારા તો ખુબ લગાવવામાં આવે છે પરંતુ માતૃત્વના પ્રત્યે તે સંવેદનશીલતા લોકાચારમાં જોવા મળી રહી નથી જેની અપેક્ષા તમામ લોકો હમેંશા કરતા રહે છે. માતૃત્વ અવકાશ અને સંવેદનહીનતાની સ્થિતી પ્રવર્તી રહી છે. નોકરી કરતી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનમુક્ત માહોલની જરૂર હોય છે પરંતુ અમારા દેશમાં આનો કેટલો અભાવ રહેલો છે તે બાબત નવજાત શિશુના મોતના આંકડાથી પણ જાણી શકાય છે. ખાસ કરીને નોકરી કરતી મહિલાઓ ગર્ભવતી થવાની સાથે જ તેના માટે નોકરીનુ સ્થળ નફા નુકસાન પર આધારિત એવુ સ્થાન બની જાય છે કે જ્યાં રજા લેવાની બાબત તેના માટે અભિશાપ સમાન બની જાય છે. સાથે સાથે પરત નોકરી પર ફરવાની બાબત તેના માટે ધુંધળી બની જાય છે. તાજેતરમાં જ કર્મચારીઓને મળનાર સુવિધાને લઈને ભારે ચર્ચા જામી હતી. કર્મચારીઓને મળનાર સુવિધા પર કામ કરનાર સંસ્થા ટીમલીઝના ૩૦૦ કંપનીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા હતા. તેના અભ્યાસ બાદ જે સર્વેના તારણ જારી કરવામાં આવ્યા છે તે તમામ લોકોની આંખ ખોલે તેવા રહ્યા છે. તેના મુજબ વર્ષ ૧.૬ ટકાથી ૨.૬ ટકા મહિલાઓની નોકરી જઈ શકે છે. અથવા તો ૧૧ લાખથી ૧૮ લાખ મહિલાઓની નોકરીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. જો કે વર્ષ ૨૦૧૮માં ભારતમાં નોકરી કરતી મહિલાઓમાટે કાર્યના સ્થળ પર સાનુકુળ વાતાવરણ સર્જવા અને તેના પરિવારની જવાબદારીની વચ્ચે સંતુલન જાળવવા માટે કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા હતા. કાયદામાં ફેરફારો કરીને પ્રસુતિ રજાની અવધિ વધારી દેવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આને દેશ માટે મોટી સિદ્ધી તરીકે ગણાવીને કહ્યુ છે કે તેમના મનને ખુબ શાંતિ થઈ રહી છે. પોતાના મન કી બાત કાર્યક્રમમાં મોદી આ અંગેની વાત કરી ચુક્યા છે. ભારતમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ૨૦૦૫માં ૩૭ ટકા હતી જે ઘટીને ૨૦૧૩માં ૨૭ ટકા થઈ ગઈ હતી. વધવાના બદલે મહિલા કર્મચારીઓની સંખ્યામાં ઘટવાની બાબત ચોક્કસપણે ચિંતાજનક છે. આઠ વર્ષમાં ૧૦ ટકાના ઘટાડાને કામકાજ કરતી મહિલાની જવાબદારીની સાથે જોડીને જોવામાં આવે છે. વડાપ્રધાન મોદીની આશાની બિલકુલ વિરુદ્ધમાં આ કાયદો નોકરી કરતી મહિલાઓની પરેશાની માટે કારણ બની ગયુ છે. કામકાજી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનફ્રી માહોલની જરૂર હોય છે. પરંતુ અમારા દેશમાં આનો ભારે અભાવ રહેલો છે. આંકડા પરથી આ બાબત સાબિત થઈ જાય છે. અમારા દેશમાં નવજાત શિશુના મૃત્યુના આંકડા ખતરનાક અને ચિંતા ઉપજાવે તેવા રહેલા છે. વર્ષ ૨૦૦૮થી વર્ષ ૨૦૧૬ વચ્ચે ૧.૨૩ કરોડ બાળકોપોતાના પાંચમા જન્મદિનને પણ ઉજવી શક્યા નથી. એટલે કે અસમય કાળમાં ગ્રાસ થઈ ગયા છે. ખુબ જ સંવેદનશીલ બનીને આ દિશામાં હજુ વધારે ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે.

# ૧૧.૮ ટકા ભારતીય ડાયાબિટીગ્રસ્ત

દેશમાં ૫૦ વર્ષ અથવા તો વધારે વયના ૧૧.૮ ટકા ભારતીય હાલમાં ડાયબિટીસથી ગ્રસ્ત છે. નેસનલ ડાયપિટીસ એન્ડ ડાયબિટિક રેટિનોપેથી સર્વેમાં આ મુજબની માહિતી સપાટી પર આવી છે. વર્ષ ૨૦૧૫-૨૦૧૯ વચ્ચેના ગાળામાં આ આંકડો સપાટી પર આવ્યો છે. આ સર્વેની કામગીરી રાજેન્દ્રપ્રસાદ સેન્ટર ફોર ઓપ્થલમિક સાયન્સ દ્વારા જારી કરવામાં આવ્યો છે. સર્વેમાં ડાયાબિટીસ સંબંધિત રેટિનોપેથીને લઈને પણ મુલ્યાંકન કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે ૫૦ વર્ષથી વધુની વયના ૧૬.૯ ટકા લોકો ડાયાબિટિક રેટિનોપેથીથી ગ્રસ્ત છે. દેશમાં ૭૦થી ૭૯ વર્ષની વચ્ચેના લોકો આ બિમારીથી સૌથી વધારે અસરગ્રસ્ત છે. ૩.૮ ટકા જેટલા નવા મામલા સપાટી પર આવ્યા છે. ૧૨ ટકા પુરૂષો ડાયાબિટીસથી ગ્રસ્ત છે. આવી જ રીતે ૧૧.૭ ટકા મહિલાઓ આ બિમારીથી ગ્રસ્ત છે. ૧૧.૮ ટકા મામલા હળવા રેટનોપેથીના છે. સાત ટકા મામલા ડાયબિટિક મેકુલોપેથીના છે. ૩.૬ ટકા મામલા દ્રષ્ટિ સંબંધિત ડાયબિટિક રેટિનાપેથીના રહેલા છે. ૨.૧ ટકા ડાયાબિટીસના દર્દી અંધ છે. બીજી બાજુ વિશ્વ આરોગ્ય સંગઠના કહેવા મુજબ ભારતની વસ્તીમાં આશરે સાત કરોડની આસપાસ લોકોને ડાયાબિટીસની તકલીફ રહેલી છે. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં સાત કરોડથી વધારે ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો આંકડો ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેસન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો સૌથી વધારે છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે.



## ભાવિ કેરિયર માટેનો માર્ગ ઇન્ટર્નશીપથી વધુ સરળ બની જાય છે...

**ઇન્ટર્નશીપ શુ છે અને કેમ કરવામાં આવે છે આજકાળના સમમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઇન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે આના કારણે અમારી લાઇફ અને અમારી કેરિયર પર કેવી અસર થાય છે તે બાબતના પ્રશ્નોના જવાબ તમામ લોકો અને ખાસ કરીને યુવાનોને સમજી લેવાની જરૂર છે**

# ઇન્ટર્નશીપથી ખુબ મોટો લાભ

**આધુનિક સમયમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઇન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે જે જાણવુ ખુબ જરૂરી છે**

આધુનિક સમયમાં ઈન્ટર્નશીપ ભાવિ કેરિયરને સરળ બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ તો ઈન્ટર્નશીપનો સમય બચાવી લેવાના ચક્કરમાં કોલેજમાં ખોટા ઈન્ટર્નશીપ સર્ટિફિકેટ્ જમા કરી દે છે. આના કારણે આ વિદ્યાર્થીઓ માત્ર પોતાની સાથે જ વિશ્વાસઘાત કરતા નથી બલ્કે પોતાની કેરિયરને પણ નુકસાન કરે છે. આવા લોકો અને વિદ્યાર્થીઓને મોડેથી ઈન્ટર્નશીપનુ મહત્વ સમજાય છે. કેરિયર લાઈફમાં મોડેથી જ્યારે આ વાત સમજાય છે ત્યારે નુકસાન ખુબ મોટુ થઈ જાય છે. ઈન્ટર્નશીપ શુ છે અને કેમ કરવામાં આવે છે. આજકાળના સમમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઈન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે આના કારણે અમારી લાઈફ અને અમારી કેરિયર પર કેવી અસર થાય છે તે બાબતના પ્રશ્નોના જવાબ તમામ લોકો અને ખાસ કરીને યુવાનોને સમજી લેવાની જરૂર છે. ઈન્ટર્નશીપ મારફતે વિદ્યાર્થીઓને પોતાની નબળાઈ અને કુશળતાને સારી રીતે અન્યોની વચ્ચે સમજી લેવામાં મદદ મળે છે. અસલ દુનિયાનો અનુભવ થાય છે. ઈન્ટર્નશીપ કરવાની બાબત કેરિયરને વ્યવસ્થિત બનાવવાની દિશામાં પ્રથમ મહત્વપૂર્ણ પગલુ હોઈ શકે છે. કારણ કે તે વ્યક્તિને પ્રોફેશનલ લાઈફની એક ઝલક બતાવે છે. યુવાનોને



ઈન્ટર્નશીપ કરવા માટે કંપનીની પંસદગી કરતી વેળા ખુબ સાવધાની રાખવી જોઈએ. યોગ્ય કંપનીમાં ઈન્ટર્નશીપ કરવાથી લાભ મળે છે. યોગ્ય કંપનીમાં ઈન્ટર્નશીપ કરવાથી આપને ભવિષ્યમાં કેરિયરની પસંદગી કરતી વેળા લાભ મળે છે. જો તમે યોગ્ય કંપનીમાં સામેલ થઈ જાઓ છો તો આ બાબતની સંભાવના વધી જાય છે કે આપને સારી નોકરી મળી શકે છે. જો કોઈ વ્યક્તિ ઈન્ટર્નશીપના ગાળામાં સૌથી વધારે શિખવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે તો તેના કારણે ખુબ મોટો ફાયદો મળી જાય છે. સામાન્ય રીતે આમારા લોકો પૈકી મોટા ભાગના લોકો એવા ક્ષેત્રમાં જાય છે જે અમારા સપના હોવાના બદલે અમારા માતા પિતા અને પરિવારના અન્ય સભ્યોના સપના હોય છે. જો કે સારી બાબત અને આદર્શ બાબત એ છે કે કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધતી વેળા કેરિયરને લઈને પોતે નિર્ણય કરવા જોઈએ. લોકો જે સલાહ આપે છે તે લેવામાં કોઈ વાંધો નથી પરંતુ એ વખતે પણ પોતાના મનની વાતને જ સમજી લેવામાં આવે તે જરૂરી છે. ઈન્ટર્નશીપ કરતી વેળા વિદ્યાર્થીને તક મળે છે કે વાસ્તવમાં બજારની દુનિયા શુ છે. અને શુ તે જગ્યા તેના ભવિષ્ય માટે યોગ્ય છે. ઈન્ટર્ન તરીકે કંપનીને જોઈન કરવાથી પ્રોફેશનલ માહોલમાં કામ કરવાની તક મળે છે. ઈન્ટર્ન તરીકે આપને માત્ર હાથમાં કોફી કપ લઈને જેમ તેમ ફરવાની તક મળતી નથી. બલ્કે આપને જીવનની વાસ્તવિક સ્થિતીની સામે આવવાની તક મળે છે. કેટલાક ઈન્ટર્નશીપના અવસર આપના કેરિયરને આધાર આપે છે. આપ પોતાના રસ અને મજા આવે તેવી કેરિયર સંભાવના મુજબ ઈન્ટર્નશીપની પસંદગી કરે તે જરૂરી છે. ઈન્ટર્નશીપથી આ અંદાજ લગાવવાની યોગ્યતા આવી જાય છે કે આ કામ એવુ છે જેમાં તે લાઈફમાં રહી શકે છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે ઈન્ટર્નશીપ કેટલાક રીતે ઉપયોગી બને છે. ઈન્ટર્નશીપ મારફતે આપને કોઈ કંપનીમાં પગ મુકવાની જગ્યા મળે છે. એક બાબતને હમેંશા ધ્યાનમાં રાખવી જોઈએ કે કોઈ પણ કંપની ઈન્ટર્નશીપને રિક્રુટમેન્ટ ટુલ તરીકે ઉપયોગ કરે છે. પ્રોફેશનલ દુનિયામાં આ શિખવા માટેની જરૂર છે કે પોતાને કઈ રીતે રજૂ કરવામાં આવનાર છે. કોઈ પણ કંપની પોતાની સાથે એવા લોકોને જોડવાનુ પસંદ કરે છે જે સારી રીતે કામ કરવાનુ જાણે છે. ઈન્ટર્નશીપમાં ઈવેન્ટમાં હાજરી આપવાની તક તો મળે છે સાથે સાથે પ્રોફેશનલ લોકોને મળીને નવા કનેક્શન પણ બને છે. નેટવર્કિંગથી કેટલાક રેફરન્સ મળતા રહે છે. જે આવનાર પ્રોફેશનલ લાઈફમાં મદદરૂપ સાબિત થાય છે. જાણકાર લોકો એમ પણ કહે છે કે રેજ્યુમમાં ઈન્ટર્નશીપનો ઉલ્લેખ કરવાથી પણ ફાયદો થાય છે. અમારામાંથી મોટા ભાગના લોકો આ બાબતને પહેલાથી જ જાણે છે કે પરફોર્મન્સ જ પ્રોડક્ટ હોય છે. પહેલા કંપનીઓ આપના રિજ્યુમમાં જુએ છે કે આપની પાસે અનુભવ શુ છે. તમે પહેલા કોઈ કંપની સાથે જોડાયેલા હતા કે કેમ. જો તમે કોઈ કંપની સાથે જોડાયેલા રહી ચુક્યા છો તો ઈન્ટર્નશીપ પ્રોગ્રામ વધારે ફાયદાકારક સાબિત થઈ શકે છે.



## બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસમાં પિતાની ભૂમિકા હોય છે...

**બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે**

# પિતાની સાથે બાળકોને હમેંશા ફાયદો

**એક બાળક માટે પિતાની ઉપસ્થિતી કેટલી જરૂરી હોય છે તે બાબત પણ સાબિત થઇ ચુકી છે : પિતા ઘરમાં શિસ્ત જાળવે છે છતાં આદર્શ છે**

પિતા સાથે હોય તો બાળકોને જીવનભર ફાયદા મળે છે. બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસ માટે પિતાની નિર્ણાયક ભૂમિકા રહેલી છે. પિતા હોવાની સ્થિતીમાં બાળકોને રાહત મળે છે. એક બાળકની લાઈફમાં જેટલુ મહત્વ માતા ધરાવે છે તેટલુ જ મહત્વ પિતાનુ પણ રહેલુ છે. બાળકોના જતનમાં અને પરવરિશમાં માતાપિતા એમ બંનેની ભૂમિકા રહેલી છે. હમેંશા એવી જ વાત કરવામાં આવે છેકે માતા સાથે હોય તો બાળકોના પરવરિશમાં કોઈ તકલીફ આવતી નથી. પરંતુ વાસ્તવિકતા એ છે કે પિતાની પણ ચાવીરૂપ ભૂમિકા હોય છે.

પિતાની હાજરી પણ બાળકો માટે જરૂરી હોય છે. ભલે બાળકોને પિતા દ્વારા ઘરમાં બનાવવામાં આવેલા શિસ્તના માહોલ પસંદ આવતા નથી પરંતુ પિતા હોવાનો લાભ બાળકોને હમેંશા મળે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે પિતા પોતાના નવજાત શિશુની દેખરેખ જેમ કે તેમને બોટલથી દુધ પિવડાવવા અને નેપી બદલવા જેવા કામ કરે છે તે બાળકોમાં કોલિક થવાનો ખતરો ઓછો રહે છે. કોલિક બાળકો ત્રણ કલાક કરતા વધારે સમય સુધી રડતા રહે છે. એક અન્ય અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે બાળકોના પિતા શરૂઆતી મહિનામાં તેમની સાથે વધારે રમે છે અને એક્ટિવ રહે છે તે બે વર્ષની વય



સુધી કોગ્નિટિવ ટેસ્ટમાં વધારે સારો દેખાવ કરે છે. બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે. તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે. શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે. તે બાળકોના આઈક્યુ સારા રહે છે. જે બાળકોના પિતા સમય ઓછો ગાળે છે તેમના બાળકોના આઈક્યુ પ્રમાણમાં નબળા રહે છે. એક નવા અભ્યાસની વાત કરવામાં આવે તો પિતાની સાથે મજબુત સંબંધ અને ભાવનાત્મક સંબંધ જોડાવ હોવાના કારણે બાળકોના વ્યવહારમાં અસર જોવા મળે છે. આ પ્રકારન બાળકોમાં વ્યવહાર સાથે સંબંધિત સમસ્યા ઓછી જોવા મળે છે.

પિતા સાથે હોય તો બાળક સ્કુલમાં પણ સારો દેખાવ કરે છે. આ પ્રકારના બાળકો અન્યો સાથે વાત કરવાના મામલે વધારે આત્મવિશ્વાસી હોય છે. તેમનામાં નવી બાબતો શિખવાની ઈચ્છાશક્તિ હોય છે. મોટા થયા બાદ આ બાળકો જોખમ લેવામાં પીછેહટ કરતા નથી. આ પ્રકારના બાળકો પોતાના દ્વારા પસંદ કરવામાં આવેલા ક્ષેત્રોમાં સફળ રહેવાની શક્યતા વધારે રહે છે. જે બાળકોના પિતા તેમની સાથે રહે છે તે બાળકો હમેંશા વધારે ખુશ રહે છે.

બાળકોને સ્કુલથી લાવવા , પાર્કમાં તેમની સાથે રમવાની બાબત અને અન્ય એક્ટિવીટી ફાયદો કરાવે છે. આ જ તમામ કારણોસર પિતાની નિર્ણાયક ભૂમિકા બાળકોના યોગ્ય વિકસમાં હોય છે. આના કારણે બાળકોને વધારે ફાયદો થાય છે. પિતાની હમેંશા નિર્ણાયક ભૂમિકા રહે છે તે બાબત સર્વે અને અભ્યાસમા પણ સાબિત થઈ ચુકી છે. માતાની બાળકોની પરવરિશમાં ભૂમિકાને લઈને તો કેટલાક દાવા પહેલાથી જ કરવામાં આવી ચુક્યા છે. જો કે બાળકોના વિકાસ અને પરવરિશમાં વધારે ભૂમિકા સારી કોની છે તે બાબત પર કોઈ તારણ આવ્યા નથી. મોટા ભાગના લોકો કહે છે કે બાળકોના વિકાસમાં માતાપિતા બંનેની એક સમાન ભૂમિકા રહેલી છે. એક બાબત ઉભરીને એવી પણ આવી છે કે બાળકોને ઘરમાં રાખવામાં આવતા શિસ્તના કારણે પરેશાની આવે છે. કેટલાક બાળકો આને લઈને દુખી રહે છે. પિતા દ્વારા ઘરમાં મોટા ભાગે શિસ્ત રાખવામાં આવે છે.

ઘરમાં શિસ્ત રાખવા માટેની જવાબદારી પિતાની હોય છે. જેથી બાળકો કેટલીક વખત પરેશાન છે. તેમને પિડા થાય છે. જો કે પિતા બાળકોની લાઈફમાં હમેંશા લાભ કરાવે છે. પિતાની સાથે કોઈની તુલના શક્ય નથી. કારણ કે પિતા કોઈ પણ પરિસ્થિતીમાં બાળકોની ઈચ્છા પૂર્ણ કરવા માટે કટિબદ્દ રહે છે. બાળકોના જતન માટે પિતા રાતદિવસ કામ કરે છે.દર વર્ષે હવે તો ફાધર્સ ડે અને મધર ડે પણ ઉજવવામાં આવે છે. જે દરમિયાન આધુનિક સમયમાં તો માતાપિતાનુ બાળકો દ્વારા હવે સન્માન કરવામાં આવે છે. ઘરમાં જુદી જુદી રીતે આને મનાવવામાં આવે છે. આ પરંપરા મોટા ભાગે ભારતની બહાર જોવા મળે છે.

## સફળતા માટે ડરને બિલકુલ દુર કરો । સક્સેસ ફંડા : સપના પૂર્ણ કરવા માટે મહેનત-ટાર્ગેટ ખુબ જરૂરી

# બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી : કલામ લોકોને ઘરે ઘરે જઇને અખબાર પહોંચાડતા હતા

જો તમે જીવનમાં એક સફળ વ્યક્તિ બનવા માટે વિચારી રહ્યા છો તો સૌથી પહેલા તો પોતાના સપનાને જીવવા માટે શરૂ કરવાની જરૂર છે. મનના દરેક ડરને દુર કરવાની જરૂર છે. નિષ્ફળતાને લઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. યોગ્ય પ્લાનિંગની સાથે કામ કરવામાં આવે તો જરૂરી છે. જો આવુ કરવામાં આવશે તો સફળતા તમામ ચરણને સ્પર્શ કરી શકે છે. કહેવત છે કે ડરની આગળ જીત છે.

લાઈફમાં માનવીને હમેંશા પોતાની વિચારધારાની મર્યાદાને મોટી રાખવાની જરૂર હોય છે. કહેવામાં આવે છે કે કોઈ પણ લક્ષ્ય માનવીના સાહસથી મોટા નથી. એ જ વ્યક્તિ હારી જાય છે તે વ્યક્તિ ક્યારેય લડતી નથી. ખુબ ઓછા લોકો જાણે છે કે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ ઘરે ઘરે જઈને અખબાર લોકોને આપવા માટેનુ કામ કર્યુ હતુ. રાઈટ બ્રધર્સના પણ એરોપ્લેનના પ્રોટોટાઈપ પહેલા કેટલીક વખત ફ્લોપ થઈ ગયા હતા. પરંતુ આ તમામની વિચારધારા ખુબ ઉંચી હતી.

વિચારો ઉંચા હતા. સપના ઉંચા હતા. સાથે સાથે સખત પરિશ્રમની તાકાત હતી. કઈ કરી બતાવવાની ઈચ્છાશક્તિ તેમનામાં ભરેલી હતી. એવુ નથી કે તેમને કોઈ ચીજના ડર ન હતા. નિષ્ણાંત લોકો કહે છે કે પ્લાનની સાથે જો આગળ વધવામાં આવશે તો ડર નહીં બલ્કે મંજિલ સામે જોઈ શકાશે. જો તમે કોઈ સપના જોઈ રહ્યા છો અને કોપિણ પ્લાનિંગ વગર



તમે કોઈ સપનાની પાછળ દોડી રહ્યા છો તો એક દિવસે હતાશા જ હાથ લાગનાર છે. જેથી સૌથી પહેલા હકીકતને સમજીને લઈને તેના મુજબ આગળ વધવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેના અનુરૂપ સપનાને સાકાર કરવા માટે પ્રયાસ પૂર્ણ તાકાત સાથે કરવાની જરૂર હોય છે. જો તમે કોઈ ઉંચા પર્વતના શિખરને સ્પર્શ કરવા માટે ઈચ્છુક છો તો પહેલા પર્વતારોહણની ટ્રેનિંગ લેવાની જરૂર હોય છે. ત્યાંના હવામાન સહિતની તમામ બાબતો અંગે માહિતી મેળવી લેવી પડશે. ત્યાંની માટી જીવજતુ સહિતની ચીજો અંગે માહિતી મેળવી લેવી પડશે. આવી જગ્યાએ કામમાં આવનાર સાધનોની માહિતી પણ મેળવી લેવી પડશે.

સૌથી મહત્વપૂર્ણ બાબત તો આ આપના આરોગ્યની માહિતી મેળવી લેવી પડશે. આંતરિક પ્રેરણાના સ્તરને ધ્યાનમાં લેવાની જરૂર છે. આ તમામ પ્રકારની માહિતી વગર શિખર પર પહોંચી જવાના પ્રયાસ કરવામાં આવશે તો અંતમાં નિરાશા હાથ લાગશે. જીવન એક શિક્ષક તરીકે છે. યાદ રાખવા જેવી બાબત છે કે હકીકત હમેંશા કડવી હોય છે. જીવન દરેક ક્ષણમાં તમારી કસોટી કરે છે. તમારે એ સમજી લેવાની જરૂર નથી કે તે આપના પ્રિયની જેમ કામ કરી રહ્યા છે.

સમય આપના કઠોર શિક્ષકની જેમ સતત પરીક્ષા કરે છે. જો તમે આ સારા વિદ્યાર્થીની જેમ જીવનરૂપી શિક્ષકના છત્ર હેઠળ પરીક્ષા આપી રહ્યા છો તો તમને ચોક્કસપણે સફળતા મળી શકે છે. આધુનિક સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ દરેક પ્રકારના પ્રયાસ કરે છે. દિન રાત એક કરે છે. ખુબ મહેનત કરે છે. આવી તમામ પ્રકારની પ્રક્રિયા અપનાવવામાં આવી હોવા છતાં કેટલાક લોકોને સફળતા મળતી નથી. સાથે સાથે કેટલાક લોકોને તરત જ સફળતા મળે છે. આવી બાબત પણ જોવા મળે છે. જો કે સફળતા હાંસલ કરવા માટે સૌથી ઉપયોગી બાબત તો ભયને દુર કરીને આગળ વધવાની જરૂર છે. જોખમ લીધા વગર પણ કેટલીક વખત સફળતા હાંસલ થતી નથી. આ તમામ બાબતો પર ધ્યાન આપીને સફળતા હાંસલ કરી શકાય છે. હાલના સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા વધી રહી છે.

આવી સ્થિતીમાં સફળતા હાંસલ કરવા માટે શારરિક ફિટનેસ પણ ઉપયોગી બની ગઈ છે. નિયમિત રીતે પોતાના કામ ન કરનાર વ્યક્તિને પણ સફળતા મળતી નથી. આવી સ્થિતીમાં શારરિક ફિટનેસ પણ જરૂરી છે. નોકરીના સ્થળ પર વારંવાર રજા પાડનાર વ્યક્તિ પણ સફળતા હાંસલ કરી શકતા નથી. કારણ કે તેમના પર અન્યો અને જવાબદાર લોકો વિશ્વાસ મુકતા નથી. કામ પ્રત્યે સમર્પણ ભાવના પણ ખુબ ઉપયોગી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# વરસાદની મોસમમાં બારી-દરવાજા તેમજ લોખંડની વસ્તુઓ પર લાગી જતા કાટને આ રીતે કરો દૂર



ચોમાસાની ઋતુમાં ઘણી મુશ્કેલીઓ આવતી હોય છે. જેમાંથી એક છે મેઈન ગેટ, રેલિંગ અને બારીઓ સહિત લોખંડના બાકી સામાનોમાં કાટ લાગવાની મુશ્કેલી. જે દેખાવમાં તો ખરાબ લાગે જ છે, સાથે જ આનાથી વસ્તુઓનું આયુષ્ય પણ ઘટી જાય છે. દરમિયાન વરસાદની સીઝનમાં જો તમારા ઘરે પણ લોખંડની વસ્તુઓમાં કાટ લાગી ગયો છે તો અમુક ઘરેલુ રીતની મદદથી આને સરળતાથી સ્વચ્છ કરી શકાય છે. કાટને હટાવવા માટે તમે મીઠુ અને લીંબુની મદદ લઈ શકો છો. આ માટે તમે બે-ત્રણ ચમચી મીઠુ લઈને તેમાં બે-ત્રણ લીંબુનો રસ મિક્સ કરો અને જાડી પેસ્ટ બનાવી દો. હવે આ પેસ્ટને કાટ વાળા સ્થાને લગાવો અને થોડી વાર માટે રાખો. બાદમાં કોઈ હાર્ડ બ્રશથી સાફ કરો, આનાથી કાટ તાત્કાલિક દૂર થઈ જશે.

## બેકિંગ સોડા-લીંબુ

લોખંડની વસ્તુઓ પરથી કાટ દૂર કરવા માટે બે કપ પાણીને થોડુ ગરમ કરી લો. પછી તેમાં બે ચમચી બેકિંગ સોડા અને એક ચમચી લીંબુનો મેળવીને પેસ્ટ બનાવો. પછી તેને કાટ વાળા સ્થાને લગાવો દસ-પંદર મિનિટ માટે છોડી દો. જે બાદ સેન્ડ પેપરની મદદથી કાટને હટાવો, આનાથી કાટ થોડી જ મિનિટોમાં ગાયબ થઈ જશે.

## ચૂનો-બોરેક્સ પાઉડર

કાટ દૂર કરવા માટે તમે ચૂનો અને બોરેક્સ પાઉડરનો મિક્સચર પણ ઉપયોગ કરી શકો છો. આ માટે તમે 3-4 ચમચી બોરેક્સ પાઉડર લઈ લો અને તેમાં એટલો જ ચૂના પાઉડર પણ એડ કરી દો. પછી આમાં એક-બે ચમચી પાણી મિક્સ કરીને ઘાટુ મિશ્રણ તૈયાર કરી લો. પછી તેને કાટવાળા સ્થાને લગાવો અને 5-10 મિનિટ માટે રાખો. જે બાદ સેંડપેપરથી રગડીને કાટને સાફ કરી દો.

## કોલ્ડ ડ્રિન્ક

કાટ રિમૂવ કરવા માટે તમે કોકા કોલાની મદદ લઈ શકો છો. આ માટે તમે આ કોલ્ડ ડ્રિન્કને કાટ વાળા સ્થાને નાખીને થોડી વાર માટે રાખો. પછી દસ-પંદર મિનિટ બાદ સ્પોન્જની મદદથી કાટને સ્ક્રબ કરો. આનાથી કાટ થોડી જ મિનિટોમાં રિમૂવ થઈ જશે.

# કાચાં કેળાંનું સ્વાદિષ્ટ શાક બનાવો

હાલમાં ચોમાસાની સીઝન છે. અધિક શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે. જો તમે એકની એક સૂકી ભાજી ખાઈને કંટાળી ચૂક્યા છો તો તમે ઉપવાસ માટે કાચા કેળાનું શાક ટ્રાય કરી શકો છો. આ શાક ખૂબ જ ટેસ્ટી બને છે અને સાથે જ તેમાં કોઈ ખાસ મહેનત કરવાની નથી. સિમ્પલ રેસિપીની મદદથી તમે નવો ટેસ્ટ માણી શકો છો. આ શાક તમે રાજગરાની પૂરી સાથે કે પછી ફરાળી લોટની રોટલી સાથે પણ ખાઈ શકો છો. કેળામાં સ્ટાર્ચનું પ્રમાણ વધારે હોય છે અને સાથે જ તેના ઉપયોગથી તમારો સ્ટેમિના પણ વધે છે. જેથી ઉપવાસમાં તમને મુશ્કેલી પડતી નથી.

**સામગ્રી :** 5 નંગ કાચા કેળાં, 1 ચપટી હળદર, 4 નંગ લીલા મરચાં,1 ચમચી જીરૂ,1 ચમચી સિંગોડાનો લોટ, 2 ચમચી કોથમીર સમારેલી, 2 ચમચી દહીં, 2 ચમચી લીંબુનો રસ, 2 ટીસ્પૂન તેલ, 1/2 કપ મીઠો લીમડો, મીઠું સ્વાદ અનુસાર.



**બનાવવાની રીત :** કાચાં કેળાંની છાલ ઉતારી નાખવી. પછી તેના નાના ટુકડા કરવા. પછી એક કડાઈમાં ઘી લઈને તેને ગેસ ઉપર ચડાવીને તેમાં જીરાનો વઘાર કરીને તેમાં કેળાંનાં કટકા વઘારવા. પછી તેમાં મીઠું અને મરીનો ભૂકો નાખીને અને શાકને ચડવા દેવું. પછી તેમાં સીંગનો ભૂકો, કોપરાનું ખમણ, કાજુ, કિસમિસ અને એલચીનો ભૂકો નાંખવો. એક વાસણમાં મલાઈ અને દૂધ ભેગા કરીને તેને ઝેરણી વડે વલોવી લેવું. પછી તેને કાચાં કેળાંના શાકમાં રેડવું, પછી બધું ઉકળે એટલે નીચે ઉતારી લેવું. ઉપર સમારેલી કોથમીર ભભરાવવી.

# ચોમાસામાં કાકડી અને દહીંથી બનેલો ફેસ પેક ચહેરા પર લગાવવાથી ચહેરો ચમકવા લાગશે



વરસાદની ઋતુમાં ત્વચાની ખાસ કાળજી લેવી જરૂરી છે. ભેજને કારણે ચહેરા પર પિમ્પલ્સ અને ખીલની સમસ્યા પણ વધી જાય છે. ધૂળ, ગંદકી અને પરસેવો ચહેરાના રંગને અસર કરે છે, જેના કારણે ત્વચા નિર્જીવ લાગે છે. જો કે બજારમાં ઘણા ફેસ માસ્ક અને પેક ઉપલબ્ધ છે, જેનો ઉપયોગ ચહેરા પર કરવામાં આવે છે, પરંતુ તેની અસર વધારે નથી. અહીં અમે તમને ઘરે સરળતાથી બનાવેલા ફેસ પેક વિશે જણાવી રહ્યા છીએ, જે તમારા ચહેરાને ઠંડક આપશે અને તેમાં સુધારો પણ કરશે.

## દહીં અને કાકડીનો ફેસ પેક

આ સિઝનમાં કાકડી મળી રહે છે. કાકડી અને દહીંથી બનેલો ફેસ પેક તમારી ત્વચાને હાઈડ્રેટ રાખશે. આ પેક બનાવવા માટે તમારે હંગ દહીંની જરૂર પડશે, જેનું પાણી નીકળી ગયું છે. 1 કાકડીને છીણીને તેમાં 2 ચમચી દહીં મિક્સ કરો. આ પેસ્ટને ચહેરા અને ગરદન પર લગાવો. દહીં કાકડીના આ પેકને 15 મિનિટ પછી સ્વચ્છ પાણીથી ધોઈ લો.

## ફુદીનો અને દહીંનો ફેસ પેક

ફુદીનામાં દહીં મિક્સ કરીને ચહેરા પર લગાવવાથી ઠંડ અને ચમક મળે છે. તેને બનાવવા માટે તમારે 2 ચમચ હંગ દહીં અને 1 ચમચી ફુદીનાની પેસ્ટની જરૂર પડશે બંનેને સારી રીતે મિક્સ કરીને પેક બનાવો અને તે 15 મિનિટ માટે ચહેરા પર લગાવો. 15 મિનિટ પછ સ્વચ્છ પાણીથી ધોઈ લો.

**મુલતાની માટી અને લીમડાનો ફેસ પેક** | મુલતાની માટી ત્વચાને એક્સ્ફોલિએટ કરવામાં મદદ કરે છે અને લીમડો ચેપને અટકાવે છે. આ પેક બનાવવા માટે, તમારે 2 ચમચી મુલતાની માટી પાવડર અને એક ચમચી લીમડાના પાનની પેસ્ટની જરૂર પડશે, આ બંનેને સારી રીતે મિક્સ કરો. આ પેસ્ટને ચહેરા પર લગાવો અને 15 થી 20 મિનિટ પછી ધોઈ લો.

# શું ગર્ભાવસ્થા દરમિયાન દહીંનું સેવન કરવું સુરક્ષિત છે?



દહીં એ ખૂબ જ પૌષ્ટિક ફૂડ છે. નિષ્ણાતો તેને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ દરેક રીતે ફાયદાકારક ગણાવે છે. દહીં પ્રોટીન, કેલ્શિયમ, વિટામિન બી12નો ખૂબ જ સારો સ્ત્રોત છે. પરંતુ ગર્ભાવતી મહિલાઓ ઘણીવાર ડાયટમાં દહીંનો સમાવેશ કરવાથી સંકોચાય છે. ઘણા લોકો માને છે કે દહીં ખાવાથી બાળકને નુકસાન થાય છે. શું ગર્ભાવસ્થા દરમિયાન દહીંનું સેવન કરવું સુરક્ષિત છે? તો જવાબ છે હા. કારણ કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને દહીંને ગર્ભાવસ્થા માટે હેલ્ધી ડાયટ ગણાવ્યું છે. તે જ સમયે, ઓસ્ટ્રેલિયાની નેશનલ હેલ્થ એન્ડ મેડિકલ રિસર્ચ કાઉન્સિલ પણ ગર્ભવતી મહિલાઓને તેમના ડાયટમાં દરરોજ દહીંનો સમાવેશ કરવાની સલાહ આપે છે. તો આ હિસાબે ગર્ભાવસ્થા દરમિયાન દહીંનું સેવન સલામત તો છે જ સાથે સાથે ખૂબ જ ફાયદાકારક પણ છે.

દહીં ખાવાથી રોગપ્રતિકારક શક્તિ સારી રીતે કામ કરે છે. દહીંમાં હાજર પ્રોબાયોટીક્સ એટલે કે સારા બેક્ટેરિયા શરીરની ઈમ્યૂન સિસ્ટમને બૂસ્ટ કરીને ઈન્ફેક્શન સામે લડવામાં મદદ કરે છે.

ગર્ભાવસ્થા દરમિયાન મૂડ સ્વિંગ અને તણાવથી બચવા માટે દહીંનું સેવન ફાયદાકારક છે. દહીંમાં હાજર પ્રોબાયોટીક્સ મૂડ સુધારે છે અને ચિંતા દૂર કરે છે. દહીં ડિપ્રેશન સંબંધિત લક્ષણોને દૂર કરવાની ક્ષમતા પણ ધરાવે છે.

પ્રેગ્નન્સીમાં બીપી વધવાની સમસ્યાને કારણે કોમ્પ્લીકેશન આવી શકે છે. આવી સ્થિતિમાં દહીંનું સેવન ફાયદાકારક સાબિત થઈ શકે છે.તેમાં હાજર એન્ટી-હાઈપરટેન્સિવ ઈફેક્ટ બ્લડપ્રેશરને જાળવવામાં મદદ કરે છે. હાડકાં અને સ્નાયુઓ પણ મજબૂત થાય છે. તેમાં હાજર પ્રોટીન અને કેલ્શિયમ હાડકાને નબળા પડવાથી બચાવે છે. તંદુરસ્ત સ્નાયુઓ બનાવવામાં મદદ કરે છે

ગર્ભાવસ્થા દરમિયાન એસિડિટી અને પાચન સંબંધી સમસ્યાઓ થાય છે. આવી સ્થિતિમાં, જો તમે દહીંનું સેવન કરો છો, તો તે પાચન સંબંધિત સમસ્યાઓને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે.

# ચોમાસામાં લીલા પાંદડાવાળા શાકભાજી ખાતી વખતે આ ટિપ્સ ફોલો કરો

કાળઝાળ ગરમી બાદ ચોમાસું સૌને રાહત આપે છે. પરંતુ ચોમાસાની ઋતુ તેની સાથે અનેક રોગોનું જોખમ પણ લઈને આવે છે. વરસાદની ઋતુમાં આહારમાં ઘણા ફેરફાર કરવા જોઈએ. આ ઋતુમાં સ્વસ્થ રહેવા માટે આહારમાંથી કેટલીક વસ્તુઓ ટાળવી જોઈએ. આરોગ્ય નિષ્ણાતો આ સિઝનમાં લીલા પાંદડાવાળા શાકભાજીથી દૂર રહેવાની સલાહ આપે છે. નિષ્ણાતોના મતે લીલા પાંદડાવાળા શાકભાજીમાં ભરપૂર માત્રામાં પોષણ હોય છે. પરંતુ જો તમે તેને ચોમાસામાં ખાઓ છો, તો તમારે ખૂબ કાળજી લેવી જોઈએ અને તેને મર્યાદામાં જ ખાવું જોઈએ. નિષ્ણાતોના મતે, તેને સંપૂર્ણપણે છોડી દેવાની જરૂર નથી, પરંતુ વરસાદમાં લીલા પાંદડાવાળા શાકભાજી મર્યાદામાં ખાઓ અને કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખો.

લીલા પાંદડાવાળા શાકભાજી જમીન સાથે વધુ સંપર્કમાં હોય છે. આ કારણોસર, તે પાણીના વધુ સંપર્કમાં આવે છે અને તેના કારણે, બેક્ટેરિયલ અને વાયરલ ચેપને કારણે દૂષિત થવાની સંભાવના વધારે રહે છે. જો તમે તેને યોગ્ય રીતે ધોયા વિના રાંધો છો, તો તે ફૂગના બીજકણ ઉગાડી શકે છે અને ખોરાકજન્ય બીમારીઓનું કારણ બની શકે છે. ચોમાસામાં ઉગાડવામાં આવતી આ લીલા પાંદડાવાળા શાકભાજીમાં જંતુનાશક અવશેષો વધુ હોઈ શકે છે. લીલા શાકભાજી ચોમાસામાં પાચન અને ગેસની સમસ્યા પણ પેદા કરી શકે છે. લીલા પાંદડાવાળા શાકભાજી (આ ટ્વિસ્ટ સાથે હરી સબઝી બનાવો) ચોમાસામાં બગડવાની સંભાવના વધારે છે, તેથી તેને સંગ્રહિત કરવામાં મુશ્કેલી પડે છે.

**ચોમાસામાં લીલા પાંદડાવાળા શાકભાજી ખાતી વખતે આ ટિપ્સ ફોલો કરો** | લીલા પાંદડાવાળા શાકભાજીને વરસાદમાં ખાતા પહેલા તેને યોગ્ય રીતે સાફ કરવું જરૂરી છે. આ સાથે, તેને બજારમાંથી તાજી પણ ખરીદવી જોઈએ અને તેને રાંધીને ખાવી જોઈએ. તેમને કાચા બિલકુલ ન ખાઓ. જો તમે ઈચ્છો તો, ઈનડોર ગાર્ડનિંગની મદદથી, તમે ઘરે કેટલીક શાકભાજી (શાકભાજી ખરીદવાની ટિપ્સ) પણ ઉગાડી શકો છો. જો તમે લીલા પાંદડાવાળા શાકભાજીનો સંગ્રહ કરી રહ્યા છો, તો તેને રેફ્રિજરેટરમાં રાખો અને તેને વધુ પડતા ભેજથી દૂર રાખો.



# કોન્ટેક્ટ લેન્સ પહેરો છો તો મેકઅપ કરતી વખતે ન કરો આ ભૂલો, તમારી આંખને પહોંચાડી શકે છે નુકસાન

દરેક છોકરીને મેકઅપ કરવો પસંદ હોય છે, પરંતુ તે કરતી વખતે તેને ઘણી બાબતોનું ધ્યાન રાખવાની સલાહ આપવામાં આવે છે. ઘણી છોકરીઓ ચશ્માને બદલે કોન્ટેક્ટ લેન્સ પહેરે છે. આવી સ્થિતિમાં, લેન્સ લગાવ્યા પછી મેકઅપ કરતી વખતે તેઓએ સાવચેતી રાખવી પડે છે. ચાલો જાણીએ કેટલીક સરળ ટિપ્સ જેને અનુસરીને તમે આંખનો મેકઅપ કોઈપણ નુકસાન વિના કરી શકો છો.



સૌ પ્રથમ, કોન્ટેક્ટ લેન્સ લગાવતી વખતે, તમારા હાથને હળવા હેન્ડવોશથી ધોઈને સાફ કરો અને સૂકવો, જેથી હાથમાં રહેલા તમામ બેક્ટેરિયા દૂર થઈ જાય. આ સિવાય લેન્સ પર કોઈપણ રીતે ડાઘ નહીં પડે અને ઈન્ફેક્શનનો કોઈ ખતરો પણ નહીં રહે. મેકઅપ કર્યા પછી કોન્ટેક્ટ લેન્સ પહેરવાની ભૂલ ક્યારેય કરશો નહીં. આમ કરવાથી તમને ખંજવાળ અને બળતરાની સમસ્યા થઈ શકે છે. એટલા માટે મેકઅપ કરતા પહેલા હંમેશા લેન્સ લગાવો.

આંખનો મેકઅપ કરતી વખતે ક્યારેય આંખોની અંદર મેકઅપ ન લગાવો. ઘણી છોકરીઓને આંખોની અંદર કાજલ લગાવવી ગમે છે. આવી ભૂલ કરશો નહીં. આ તમને નુકસાન પહોંચાડી શકે છે. લેન્સ સાથે મેકઅપ માટે હંમેશા ઓઈલ ફ્રી પ્રોડક્ટ્સનો ઉપયોગ કરો. તૈલી ઉત્પાદનોમાંથી નીકળતો તૈલી પદાર્થ તમારા લેન્સમાં શોષાય છે, જેનાથી તમને નુકશાન થાય છે.

આઈ શેડો સાથે આઈ મેકઅપ શરૂ કરો. આ માટે પાવડરને બદલે ક્રીમ આઈ શેડોનો ઉપયોગ કરો. તે લાંબા સમય સુધી ચાલે છે અને તેને કોઈ નુકસાન થતું નથી. આઈ શેડો લગાવ્યા પછી આંખો પર આઈલાઈનર લગાવો. આઈલાઈનર લગાવતી વખતે ધ્યાન રાખો કે લાઈનર આંખોની અંદર ન જવું જોઈએ. આંખનો મેકઅપ પૂર્ણ કરવા માટે મસ્કરા લગાવો. આ માટે ફાઈબરથી ભરપૂર મસ્કરાનો ઉપયોગ ન કરો. આ આંખમાં ચેપ, બળતરા અને ખંજવાળનું કારણ બની શકે છે. લેન્સ સાથે મસ્કરા કાળજીપૂર્વક પસંદ કરો.

# પલાળેલી બદામનું સેવન કરવાથી સ્વાસ્થ્યને થાય છે બમણો ફાયદો...



શરીરને સ્વસ્થ અને ફિટ રાખવા માટે લોકો ઘણા પ્રકારના હેલ્ધી ફૂડ્સ સેવન કરે છે. આ માટે લોકો લીલા શાકભાજી, તાજા ફળો અને સૂકા ફળો સેવન કરે છે. આવું જ એક હેલ્ધી ડ્રાયફ્રુટ છે બદામ. બદામ સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. તેમાં ઘણા પોષક તત્વો હાજર હોય છે. તમે સૂકી, પલાળેલી બદા અથવા તેના પાવડરનું સેવન કરી શકો છો. પલાળેલી બદામ ખાવાથી સ્વાસ્થ્ય બમણો ફાયદો થાય છે. આવો આજે અમે તમને પલાળેલી બદામ ખાવાના સ્વાસ્થ લાભ વિશે જણાવીએ.

## પાચન માટે ફાયદાકારક

એક સમાચાર અનુસાર દરરોજ પલાળેલી બદામ ખાવાથી પાચનતંત્ર મજબૂત બ છે. તે પેટ માટે ફાયદાકારક છે. તેના ઉપયોગથી પેટ સારી રીતે સાફ થાય છે. આ સેવન કરવાથી ગેસ, પેટનું ફૂલવું, અપચો જેવી સમસ્યાઓથી છુટકારો મળે છે.

## ડાયાબિટીસને કંટ્રોલ કરો

બદામમાં ફાઈબર, પ્રોટીન, વિટામીન E સહિત ઘણા પોષક તત્વો હાજર હોય છે તે બ્લડ સુગરને કંટ્રોલ કરે છે. તેનું સેવન કરવાથી શરીર સ્વસ્થ રહે છે.

## ખરાબ કોલેસ્ટ્રોલ ઓછું કરો

બદામના સેવનથી કોલેસ્ટ્રોલ લેવલ ઓછું થાય છે. તે ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે છે ખરાબ કોલેસ્ટ્રોલ વધવાથી હૃદયને નુકસાન થાય છે. બદામ ખાવાથી હૃદય સ્વસ રહે છે. તે ફળોના સ્વાસ્થ્યને સ્વસ્થ રાખે છે.

## ત્વચા માટે ફાયદાકારક

બદામમાં વિટામીન E ભરપૂર માત્રામાં હોય છે. આ સિવાય બદામમાં ઘણા એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે. જે ત્વચા માટે ફાયદાકારક છે. તેનો ઉપયોગ શુષ્ક ત્વચા સમસ્યાથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. રોજ પલાળેલી બદામ ખાવાથી ત્વચ સંબંધિત અનેક બીમારીઓ સામે રક્ષણ મળે છે. રોજ ખાલી પેટે પલાળેલી બદા ખાવાથી તમારા ચહેરાની ચમક વધી શકે છે.

## એનર્જી વધે છે

બદામ ખાવાથી શરીરમાં એનર્જી વધે છે. તેમાં ઘણા બધા વિટામિન અને પોષ તત્વો હોય છે. તે શરીરને ઉર્જા આપે છે. આ ખાવાથી શરીરને તરત એનર્જી મળે છે

# વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે માતા વૈષ્ણો દેવીની યાત્રા ૧૦ દિવસ માટે અટકી, કટરા ખાલી







કટરા : વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે વધુ ખરાબ થયેલી જમ્મુ અને કાશ્મીરની પરિસ્થિતિ હજુ સુધી સુધરી નથી. વૈષ્ણોદેવી દુર્ઘટનાને શુક્રવારે ૧૦ દિવસ પૂર્ણ થયા (વૈષ્ણોદેવી યાત્રા રોકી દેવામાં આવી). પરંતુ યાત્રા હજુ સુધી ફરી શરૂ કરવામાં આવી નથી. કટરા સંપૂર્ણપણે નિર્જન છે. બજારોમાં શાંતિ છે, કારણ કે ભક્તોની અવરજવર પર પ્રતિબંધ છે. રેલ્વેએ ૩૦ સપ્ટેમ્બર સુધી અલગ અલગ તારીખે આ રૂટની ૨૨ ટ્રેનો રદ કરી છે. રાજ્યના મોટાભાગના રસ્તાઓ વરસાદ અને ભૂસ્ખલનને કારણે તૂટી ગયા હોવાથી, યાત્રા ૧૦મા દિવસે પણ સ્થગિત છે. જોકે રૂટનું જરૂરી સમારકામ પૂર્ણ થઈ ગયું છે, હવામાનમાં સુધારા અને યાત્રાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને યાત્રા ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવશે.તમને જણાવી દઈએ કે કોરોના મહામારી પછી આ પહેલી વાર છે જ્યારે માતા વૈષ્ણોદેવી યાત્રા આટલા લાંબા સમય સુધી બંધ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૦ ની શરૂઆતમાં, જ્યારે કોરોના મહામારી દરમિયાન લોકડાઉન લાદવામાં આવ્યું હતું, ત્યારે વૈષ્ણોદેવી યાત્રા ૬ મહિના માટે બંધ કરવામાં આવી હતી. ૨૦૨૧ માં કોરોનાની બીજી લહેરમાં યાત્રા બંધ કરવામાં આવી ન હતી. જોકે, દર્શન માટે ખૂબ ઓછા લોકો પહોંચ્યા હતા.કટરાના એક ઉદ્યોગપતિ અરવિંદ કુમારે જણાવ્યું હતું કે યાત્રા સ્થગિત થવાને કારણે બેઝ કેમ્પ અને આસપાસના વિસ્તારો નિર્જન બની ગયા છે.

## ભાગ્યશ્રીએ પાપારાઝીઓને પંજાબમાં આવેલી આફત પર ધ્યાન કેન્દ્રિત કરવા વાત કહી



। મુંબઇ, તા.૫ ।

સોશિયલ મીડિયા પર અભિનેત્રી ભાગ્યશ્રીના વાયરલ વીડિયોએ બધાનું ધ્યાન ખેંચ્યું. આમાં, અભિનેત્રી પાપારાઝીઓને શીખવતી અને પંજાબમાં આવેલી આફત પર ધ્યાન આપવાનું કહેતી જોવા મળે છે. વપરાશકર્તાઓ આના પર પ્રતિક્રિયા આપી રહ્યા છે. વાયરલ વીડિયોમાં, 'મૈંને પ્યાર કિયા' ફેમ અભિનેત્રી ભાગ્યશ્રી મુંબઈ એરપોર્ટ પર જોવા મળે છે, જેમાં તેણીએ ગુલાબી રંગનો સૂટ પહેર્યો છે. ત્યાં હાજર પાપા અભિનેત્રીને જોતાની સાથે જ તેના ફોટા ક્લિક કરવાનું શરૂ કરે છે. આ અંગે, અભિનેત્રી કહે છે, 'હવે આ બધું ન લો, પહેલા પંજાબ જુઓ અને તેમાં શું થઈ રહ્યું છે.' તેણીએ એમ પણ કહ્યું કે પહેલા મુંબઈમાં, હવે જમ્મુ અને પંજાબમાં, પૂર જેવી આફતો જોવા મળી રહી છે, જે ખૂબ જ ચિંતાજનક છે.વીડિયો વાયરલ થતાં જ નેટીઝન્સ તરફથી પ્રતિક્રિયાઓ આવવા લાગી. એક યુઝરે લખ્યું, 'ખૂબ સારું કહ્યું.' બીજા યુઝરે પણ તેણીની પ્રશંસા કરી. આ ઉપરાંત, અન્ય યુઝર્સ તેના લુકને ખૂબ પસંદ કરી રહ્યા છે.ભાગ્યશ્રીએ સલમાન ખાન અભિનીત 'મૈંને પ્યાર કિયા' થી પોતાની સિનેમેટિક કારકિર્દીની શરૂઆત કરી હતી. આ ફિલ્મથી તે રાતોરાત સ્ટાર બની ગઈ.

પાકિસ્તાનમાં વાસ્તવિક સત્તા સેનાના હાથમાં છે અને અહીં લોકશાહી નામ પણ ધીમે ધીમે સમાપ્ત

# પાકિસ્તાનમાં મુનીરની સરમુખત્યારશાહી ચાલે છે : પાક સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ

**હાઇબ્રિડ સિસ્ટમ હેઠળ, સરકાર અને સેના સાથે મળીને દેશ ચલાવે છે, જેમાં સેનાનો પ્રભાવ ખૂબ વધારે છે પાકિસ્તાનમાં સેના સરકાર ચલાવે છે અને આ કોઈથી છુપાયેલું નથી. જે લોકશાહી નામે હતી તે વધુ પાતાળમાં જઈ રહી છે**

। ઇસ્લામાબાદ, તા.૫ ।

પાકિસ્તાનમાં વાસ્તવિક સત્તા સેનાના હાથમાં છે અને અહીં લોકશાહી નામ પણ ધીમે ધીમે સમાપ્ત થઈ રહ્યું છે. પાકિસ્તાન સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અતહર મીનાલ્લાહે ખુલ્લેઆમ કહ્યું કે દેશમાં બંધારણીય શાસનને બદલે સરમુખત્યારશાહી પ્રવર્તી રહી છે. હાઈબ્રિડ સિસ્ટમ હેઠળ, સરકાર અને સેના સાથે મળીને દેશ ચલાવે છે, જેમાં સેનાનો પ્રભાવ ખૂબ વધારે છે.પાકિસ્તાનમાં સેના સરકાર ચલાવે છે અને આ કોઈથી છુપાયેલું નથી. જે લોકશાહી નામે હતી તે વધુ પાતાળમાં જઈ રહી છે. હવે તેને ખુલ્લેઆમ હાઈબ્રિડ સિસ્ટમ (સરકાર અને સેના બંનેનું શાસન) કહેવામાં આવી રહી છે અને પાકિસ્તાનમાં, શાહબાઝ આર્મી ચીફ અસીમ મુનીરની સરમુખત્યારશાહી હેઠળ કઠપૂતળી સરકાર ચલાવી રહ્યા છે. હવે બધું ખુલ્લેઆમ છે, હવે તે એટલી ખુલ્લી રીતે થઈ રહ્યું છે કે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને પણ તેનો વાંધો ઉઠાવ્યો છે.ડોનના એક અહેવાલ મુજબ, પાકિસ્તાન સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અતહર મિનલ્લાહે ગુરુવારે કહ્યું હતું કે દેશમાં પ્રવર્તતી "હાઈબ્રિડ સિસ્ટમ" વિશે વાત કરવી એ ખરેખર સરમુખત્યારશાહીની હાજરી સ્વીકારવા સમાન છે.




અહેવાલ મુજબ, કરાચી બાર એસોસિએશનને સંબોધતા ન્યાયાધીશ મિનલ્લાહે કહ્યું: "એ સ્વીકારવું જ જોઈએ કે જ્યારે લોકો આજે કહે છે કે એક હાઈબ્રિડ સિસ્ટમ છે, ત્યારે તેનો (વાસ્તવમાં) અર્થ એ થાય છે કે (પાકિસ્તાનમાં) સરમુખત્યારશાહી છે અને કોઈ બંધારણીય શાસન નથી."

તેમણે જે કહ્યું તે દેશમાં "બંધારણીય શાસનનો અભાવ" છે અને આ કાયદાના શાસન અથવા બંધારણ પર ભદ્ર વર્ગના કબજા માટે જવાબદાર છે. "મારે ઘણા ઉચ્ચ અદાલતના આદેશોમાં લખવું પડ્યું કે દેશમાં કાયદાનું શાસન અથવા બંધારણ નથી; તે ભદ્ર વર્ગ દ્વારા કબજામાં છે,"

વિશ્લેષકોએ પાકિસ્તાનમાં હાલમાં ચાલી રહેલી સરકારની ચોક્કસ સિસ્ટમનું વર્ણન કરવા માટે 'હાઈબ્રિડ સિસ્ટમ' શબ્દ બનાવ્યો હતો. પોતાને લોકશાહી કહેતા દેશ પર લશ્કરી સરમુખત્યારશાહી શાસન ચલાવી રહી છે અને તેનો આટલો ઈતિહાસ રહ્યો છે તે પોતે જ શરમજનક હતું. પરંતુ હવે એ વાત વધુ શરમજનક છે કે 'હાઈબ્રિડ સિસ્ટમ' દેખીતી રીતે સન્માનના બેજ તરીકે પહેરવામાં આવી રહી છે. અહેવાલ મુજબ, પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે જુલાઈમાં 'હાઈબ્રિડ શાસન'ની પ્રશંસા કરી હતી જે હાલમાં દેશ ચલાવી રહ્યું છે.

**ગુરુવારે કેબિનેટની બેઠક બાદ રાજ્યના કાયદા મંત્રી એચ.કે. પાટીલે આ માહિતી આપી**

## મત ચોરીના આરોપો વચ્ચે, કર્ણાટક સરકારે બેલેટ પેપરથી ચૂંટણી કરાવવાનો નિર્ણય લીધો

**ભાજપે રાજ્ય સરકારના પંચાયત ચૂંટણી બેલેટ પેપર દ્વારા કરાવવાના નિર્ણયનો વિરોધ કર્યો**

। બેંગલુરુ, તા.૫ ।

કર્ણાટક સરકારે રાજ્યમાં પંચાયત અને મ્યુનિસિપલ ચૂંટણી ઈફ્સ ને બદલે બેલેટ પેપરથી કરાવવાનો નિર્ણય લીધો છે. ગુરુવારે કેબિનેટની બેઠક બાદ રાજ્યના કાયદા મંત્રી એચ.કે. પાટીલે આ માહિતી આપી. તેમણે કહ્યું કે ઈફ્સ ની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે, તેથી ચૂંટણી પંચને બેલેટ પેપરથી ચૂંટણી કરાવવાની ભલામણ કરવામાં આવશે. ઉપરાંત, મતદાર યાદી પણ અપડેટ કરવામાં આવશે જેથી કોઈ મતદાર મતદાન કરવાથી વંચિત ન રહે. એવું માનવામાં આવે છે કે કર્ણાટક સરકારે રાહુલ ગાંધીના 'મત ચોરી' વિરુદ્ધ રાષ્ટ્રવ્યાપી અભિયાનને ટેકો આપવા માટે આ પગલું ભર્યું છે.કર્ણાટક સરકારે કેબિનેટ બેઠકમાં બેલેટ પેપર દ્વારા પંચાયત અને નાગરિક ચૂંટણીઓ કરાવવાની મંજૂરી આપી. કાયદા મંત્રી એચ.કે. પાટીલે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક મહિનામાં, કર્ણાટક અને દેશભરમાં મતદાર યાદીમાં અનિયમિતતા, નામ ઉમેરવા અને કાઢી નાખવાને કારણે મત ચોરીની ચિંતા વધી રહી છે. સરકારે રાજ્ય ચૂંટણી પંચને મતદાર યાદીમાં સુધારો કરવા અને કર્ણાટકમાં કોઈ પણ મતદાર મતદાન કરવાથી બચી ન જાય તે સુનિશ્ચિત કરવા ભલામણ કરવાનો નિર્ણય લીધો છે. સરકાર માને છે કે મતદાર યાદીમાં અનેક પ્રકારની અનિયમિતતાઓ પ્રકાશમાં આવી છે. જેમ કે કેટલાક લોકોના નામ ખોટા છે, કેટલાકના નામ બે વાર છે. જ્યારે કેટલાક લોકોના નામ યાદીમાંથી ગાયબ છે. આ અનિયમિતતાઓને દૂર કરવા માટે, મતદાર યાદી અપડેટ કરવી જરૂરી છે.કોંગ્રેસ સરકારે રાજ્ય ચૂંટણી પંચને ભલામણ કરી કે કર્ણાટકમાં ભવિષ્યની તમામ પંચાયત અને શહેરી સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી ઈલેક્ટ્રોનિક મતદાન મશીનોને બદલે મતપત્રનો ઉપયોગ કરીને કરાવવામાં આવે. કાયદા અને સંસદીય બાબતોના મંત્રી એચ.કે. પાટીલે કેબિનેટના નિર્ણયનું કારણ "ઈફ્સ માં જનતાનો વિશ્વાસ અને વિશ્વસનીયતાનો અભાવ" ગણાવ્યો.તમને જણાવી દઈએ કે ૨૦૨૪ ની લોકસભા ચૂંટણી પછી, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી કથિત મત ચોરીનો આરોપ લગાવીને ઝુંબેશ ચલાવી રહ્યા છે. રાહુલ ઘણીવાર નિવેદનો આપતા રહ્યા છે.

## શિલ્પા શેટ્ટીએ મહિલા પોલીસ સાથે સેલ્ફી લેવાનો ઇન્કાર કર્યો



। મુંબઇ, તા.૫ ।

શિલ્પા શેટ્ટી અને તેનો પતિ રાજ કુંદ્રાની સમસ્યાઓ અને આરોપો વધતા જ જાય છે. હાલમાં જ રાજ કુંદ્રાના ૬૦ કરોડથી વધુ રૂપિયાનું કોભાંડ બહાર આવ્યું છે. તેવામાં અભિનેત્રી શિલ્પાનો અહંકાર હજી પણ શમતો જોવા મળતો નથી. હાલમાં મંગળવારે અભિનેત્રી લાલ બાગચા રાજાના દર્શન કરવા ગઈ હતી તે દરમિયાન મહિલાપોલીસે પાછળથી તેના ખભે હાથ રાખીને સેલ્ફી લેવાની વિનંતી કરી હતી. જેને શિલ્પાએ નકારી કાઢી હતી. તેના બોડીગાર્ડોએ પણ મહિલા પોલીસને મેડમ એમ નહીં કરો કહીને ફોટો લેવાની ના પાડી હતી. વાયરલ થયેલી ક્લિપમાં શિલ્પા મંદિરમાં દર્શન કરવા આવી હતી. બોડીગાર્ડે તરત જ મેડમ યહ મત કરો, કહેતો પણ ક્લિપમાં સાંભળવા મળે છે. અભિનેત્રીને સોશયલ મીડિયાના યુઝર્સોએ ટ્રોલ કરી હતી.શિલ્પા શેટ્ટી અને તેનો પતિ રાજ કુંદ્રાની સમસ્યાઓ અને આરોપો વધતા જ જાય છે. હાલમાં જ રાજ કુંદ્રાના ૬૦ કરોડથી વધુ રૂપિયાનું કોભાંડ બહાર આવ્યું છે. તેવામાં અભિનેત્રી શિલ્પાનો અહંકાર હજી પણ શમતો જોવા મળતો નથી. હાલમાં મંગળવારે અભિનેત્રી લાલ બાગચા રાજાના દર્શન કરવા ગઈ હતી તે દરમિયાન મહિલાપોલીસે પાછળથી તેના ખભે હાથ રાખીને સેલ્ફી લેવાની વિનંતી કરી હતી. જેને શિલ્પાએ નકારી કાઢી હતી. તેના બોડીગાર્ડોએ પણ મહિલા પોલીસને મેડમ એમ નહીં કરો કહીને ફોટો લેવાની ના પાડી હતી.

## શ્રીલંકામાં બસ ૧૦૦૦ ફૂટથી વધુ ઊંડી ખીણમાં પડી, ૧૫ લોકોના મોત

। કોલંબો, તા.૫ ।

શ્રીલંકાના ઉવા પ્રાંતના બદુલ્લા જિલ્લામાં એક દુઃખદ બસ અકસ્માત થયો છે. આમાં ઓછામાં ઓછા ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૧૫ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા છે. ગુરુવારે રાત્રે એક ખાનગી બસ લગભગ ૧૦૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડી જતાં આ અકસ્માત થયો હતો.શ્રીલંકન પોલીસે શુક્રવારે આ ઘટનાની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે બસમાં સવાર તમામ મુસાફરો દક્ષિણ શ્રીલંકાના ટાંગાલે શહેરથી પ્રવાસન યાત્રા માટે રવાના થયા હતા.

મુસાફરી દરમિયાન, જ્યારે બસ એલા શહેર નજીક પહોંચી, ત્યારે સ્થાનિક સમય મુજબ રાત્રે ૯ વાગ્યે એક તીવ્ર વળાંક પર સામેથી આવતી જીપ સાથે અથડાઈ. ટક્કર બાદ, બસે સંતુલન ગુમાવ્યું અને રસ્તાની રેલિંગ તોડીને ખીણમાં પડી ગઈ. અકસ્માત પછી તરત જ, સેના, પોલીસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ફોર્સ અને સ્થાનિક રહેવાસીઓએ સંયુક્ત રીતે રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ન્યૂઝફર્સ્ટ વેબ પોર્ટલના અહેવાલ મુજબ, આખી રાત બચાવ કામગીરી ચાલુ રહી અને મુસાફરોને ખીણમાંથી બહાર કાઢવા માટે ઘણી મહેનત કરવી પડી. ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.મૃતકોમાં નવ મહિલાઓનો સમાવેશ થાય છે.

## અમેરિકા ચીન વતી કામ કરતા મધ્ય અમેરિકનોના વિઝા ઉપર પ્રતિબંધ મૂકશે : વિદેશ સચિવ માર્કો રુબિયા

। વોશિંગ્ટન, તા.૫ ।

યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ જાહેરાત કરી હતી કે અમેરિકા મધ્ય અમેરિકન નાગરિકોના વિઝા પર પ્રતિબંધ મૂકશે જેઓ ચીની કમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી) વતી મધ્ય અમેરિકામાં કાયદાના શાસનને નબળી પાડતી પ્રવૃત્તિઓમાં સામેલ છે. રુબિયોની જાહેરાતને ચીન માટે મોટો આંચકો માનવામાં આવે છે.રુબિયો દ્વારા જારી કરાયેલા પ્રેસ સ્ટેટમેન્ટમાં કહેવામાં આવ્યું છે કે યુ.એસ.એ એક નવી વિઝા પ્રતિબંધ નીતિ લાગુ કરી છે, જે હેઠળ મધ્ય અમેરિકન નાગરિકો પર વિઝા પ્રતિબંધો લાદવામાં આવશે જેઓ જાણી જોઈને સીસીપી વતી કામ કરે છે અને પ્રદેશમાં કાયદાના શાસનને નબળી પાડતી પ્રવૃત્તિઓનું નિર્દેશન, અધિકૃતતા, નાણાંકીયકરણ અથવા સક્રિયપણે સમર્થન કરે છે. રુબિયોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વોશિંગ્ટન મધ્ય અમેરિકામાં ચીનના ભ્રષ્ટ પ્રભાવનો વિરોધ કરવા અને ત્યાં કાયદાના શાસનને નબળી પાડવાના તેના પ્રયાસોને રોકવા માટે પ્રતિબદ્ધ છે.રુબિયોએ એમ પણ કહ્યું કે આ નવી નીતિ હેઠળ, ઘણા મધ્ય અમેરિકન નાગરિકો પર વિઝા પ્રતિબંધો લાદવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે જેઓ અગાઉ આવી પ્રવૃત્તિઓમાં સામેલ રહ્યા છે. આ નીતિના પરિણામે, આવા તમામ વ્યક્તિઓ અને તેમના નજીકના પરિવારના સભ્યોને સામાન્ય રીતે યુ.એસ.માં પ્રવેશ માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે. વિદેશ સચિવ રુબિયોએ કહ્યું કે આ પગલાં અમેરિકાની આર્થિક સમૃદ્ધિ અને રાષ્ટ્રીય સુરક્ષાના રક્ષણ માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.રુબિયોએ કહ્યું, "અમે મધ્ય અમેરિકન નાગરિકોને જવાબદાર ઠેરવવાના પ્રયાસો ચાલુ રાખીશું જેઓ સીસીપી સાથે મળીને ઈરાદાપૂર્વક આપણા પ્રદેશને અસ્થિર બનાવે છે.

ભારત પર ૫૦ ટકા ઊંચી ટેરિફ લાદવાનો મામલો હવે અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો

ટ્રમ્પે સુપ્રીમ કોર્ટમાં ભારત પર ઊંચી ડ્યુટી લાદવાનું કારણ જણાવ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રનું કહેવું છે કે યુક્રેન-રશિયા યુદ્ધ અને તેનાથી ઊભી થયેલી રાષ્ટ્રીય કટોકટીની પરિસ્થિતિનો સામનો કરવા માટે તેણે ભારત પર ૫૦% સુધીની આયાત ડ્યુટી લાદી છે

# ભારત પર ઊંચા ટેરિફના કેસમાં ટ્રમ્પને સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટતા આપવી પડી । ૨૫૧ પાનાના જવાબમાં જણાવ્યું

। ન્યુયોર્ક, તા.૫ ।

ભારત પર ૫૦ ટકા ઊંચી ટેરિફ લાદવાનો મામલો હવે અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દેશની સૌથી મોટી કોર્ટમાં આ મામલે સ્પષ્ટતા આપી છે. ટ્રમ્પ વહીવટીતંત્રે અમેરિકાની સુપ્રીમ કોર્ટને ૨૫૧ પાનાના તૈયાર જવાબમાં જણાવ્યું છે કે ભારત પર આટલો ઊંચો ટેરિફ કેમ લાદવામાં આવ્યો. ટ્રમ્પ વહીવટીતંત્રે કહ્યું કે ભારત પર ૨૫ ટકા પારસ્પરિક ડ્યુટી અને ૨૫ ટકા વધારાની ડ્યુટી લાદવામાં આવી છે, જેનાથી કુલ અસરકારક ડ્યુટી ૫૦ ટકા થઈ ગઈ છે. આ ડ્યુટી ૨૭ ઓગસ્ટથી અમલમાં આવી છે.ટ્રમ્પે સુપ્રીમ કોર્ટમાં ભારત પર ઊંચી ડ્યુટી લાદવાનું કારણ જણાવ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રનું કહેવું છે કે યુક્રેન-રશિયા યુદ્ધ અને તેનાથી ઊભી થયેલી રાષ્ટ્રીય કટોકટીની પરિસ્થિતિનો સામનો કરવા માટે તેણે ભારત પર ૫૦% સુધીની આયાત ડ્યુટી લાદી છે. રશિયન ઊર્જા ઉત્પાદનોની ખરીદીમાં ભારતની ભૂમિકાના પ્રતિભાવમાં આ પગલું લેવામાં આવ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રે બુધવારે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી ૨૫૧ પાનાની અપીલમાં જણાવ્યું હતું કે આ કાર્યવાહી આઈઈઈપીએ (આંતરરાષ્ટ્રીય કટોકટી આર્થિક શક્તિ અધિનિયમ) હેઠળ કરવામાં આવી છે, જે રાષ્ટ્રપતિને રાષ્ટ્રીય કટોકટીની પરિસ્થિતિઓમાં વિશેષ આર્થિક પગલાં લેવાની મંજૂરી આપે છે.ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા રજૂ કરાયેલી અપીલમાં કહેવામાં આવ્યું છે કે, "રાષ્ટ્રપતિએ રશિયા-યુક્રેન યુદ્ધથી ઊભી થયેલી કટોકટીની પરિસ્થિતિનો સામનો કરવા અને શાંતિ સ્થાપિત કરવાના ઉદ્દેશ્યથી ભારત સામે આ ફરજ લાદી છે. અપીલમાં એવી પણ દલીલ કરવામાં આવી હતી કે આ ફરજો અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અને અભૂતપૂર્વ આર્થિક સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે જરૂરી છે. ફરજ ન ભરવાના કિસ્સામાં, અમેરિકાને વેપાર બદલો લેવો પડી શકે છે, જેના કારણે દેશ આર્થિક વિનાશ તરફ આગળ વધી શકે છે.સુપ્રીમ કોર્ટને કહેવામાં આવ્યું હતું કે આ ફરજની મદદથી, અમેરિકાએ ૬ મુખ્ય વેપાર ભાગીદારો અને ૨૭ દેશોના યુરોપિયન યુનિયન સાથે ફ્રેમવર્ક કરાર કર્યા છે, જેમાં લગભગ ૨૦૦૦ બિલિયનના વેપાર અને રોકાણ પર સંમતિ સધાઈ છે. તમને જણાવી દઈએ કે ગયા અઠવાડિયે વોશિંગ્ટનની એક અપીલ કોર્ટે ૭-૪ બહુમતીથી રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી અનેક વ્યાપક ફરજોને ગેરકાયદેસર જાહેર કરી હતી. જો કે, કોર્ટે વહીવટીતંત્રને ૧૪ ઓક્ટોબર સુધીમાં સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરવાની મંજૂરી આપી હતી. હવે ટ્રમ્પ વહીવટીતંત્રે સુપ્રીમ કોર્ટમાં આ જ નિર્ણયને પડકાર્યો છે.



**સંયુક્ત રાષ્ટ્રમાં એક મોટું નિવેદન** | પર્વતનેનીએ કહ્યું કે ભારતે હંમેશા એવું જ કહ્યું છે કે યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવાનો એકમાત્ર રસ્તો વાતચીત અને રાજદ્વારી દ્વારા છે

# યુક્રેનમાં નિર્દોષોના મોત અસ્વીકાર્ય છે, સંઘર્ષનો અંત દરેકના હિતમાં છે : ભારત

। સંયુક્તરાષ્ટ્ર,તા.૫ ।

યુક્રેન યુદ્ધ અંગે ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં એક મોટું નિવેદન આપ્યું છે. ભારતે કહ્યું છે કે યુક્રેનમાં નિર્દોષોની હત્યા સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ પર્વતનેની હરીશે જણાવ્યું હતું કે, "ભારત યુક્રેનની પરિસ્થિતિ અંગે સતત ચિંતિત છે. અમારું માનવું છે કે નિર્દોષ લોકોના જીવ ગુમાવવા અસ્વીકાર્ય છે અને યુદ્ધના મેદાનમાંથી કોઈ ઉકેલ આવી શકતો નથી. તેથી, યુક્રેન સંઘર્ષનો અંત દરેકના હિતમાં છે.



પર્વતનેનીએ કહ્યું કે ભારતે હંમેશા એવું જ કહ્યું છે કે યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવાનો એકમાત્ર રસ્તો વાતચીત અને રાજદ્વારી દ્વારા છે. ભલે આ માર્ગ ગમે તેટલો મુશ્કેલ લાગે. સ્થાયી શાંતિ માટે આ દિશામાં તમામ પક્ષોની સંપૂર્ણ ભાગીદારી અને પ્રતિબદ્ધતા અત્યંત જરૂરી છે.

ભારતે કહ્યું કે યુક્રેન યુદ્ધમાં શાંતિ લાવવા માટે તાજેતરના સકારાત્મક વિકાસ આવકાર્ય છે. અમે અલાસ્કામાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે શિખર સંમેલનને સમર્થન આપીએ છીએ. પર્વતનેનીએ કહ્યું કે અમે અલાસ્કા સમિટમાં થયેલી પ્રગતિ અને વોશિંગ્ટન ડીસીમાં યુક્રેનિયન રાષ્ટ્રપતિ અને યુરોપિયન નેતાઓ સાથે યુએસ પ્રમુખ દ્વારા યોજાયેલી વાટાઘાટોની પ્રશંસા કરીએ છીએ. રાજદ્વારી સંવાદ પર પણ વિચાર કરીએ છીએ. મહત્વપૂર્ણ.

ભારતે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ બદલાતી પરિસ્થિતિ પર રશિયન રાષ્ટ્રપતિ પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સહિત યુરોપિયન નેતાઓ સાથે સતત સંપર્કમાં છે. અમારું માનવું છે કે આ બધા રાજદ્વારી પ્રયાસો યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવામાં અને કાયમી શાંતિની શક્યતા ખોલવામાં મદદરૂપ થશે.

ભારતે કહ્યું કે અમને દુઃખ છે કે આ સંઘર્ષની ખરાબ અસરો, જેમ કે ઈંધણના ભાવમાં વધારો, સમગ્ર વિશ્વ અને ખાસ કરીને ગ્લોબલ સાઉથના દેશોને અસર કરી રહી છે, જેમને તેમના પોતાના પર છોડી દેવામાં આવ્યા છે. અમારા દૃષ્ટિકોણથી, આ દેશોનો અવાજ સાંભળવામાં આવે અને તેમની વાજબી ચિંતાઓને ગંભીરતાથી લેવામાં આવે તે જરૂરી છે.યુક્રેન સંઘર્ષ પ્રત્યે ભારતનો અભિગમ લોકો-કેન્દ્રિત રહ્યો છે. અમે યુક્રેનને માનવતાવાદી સહાય અને ગ્લોબલ સાઉથના અમારા મિત્રો અને ભાગીદારોને આર્થિક સહાય પૂરી પાડી છે, જેમાં અમારા કેટલાક પડોશી દેશોનો પણ સમાવેશ થાય છે જે હાલમાં આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે.



































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya